પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૯/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સવંત ૨૦૮૧ ભાદરવા સુદ-૧૧ વર્ષ : ૧૬ અંક : ૨૨૩


**સુવિચાર**

''કેટલાક લોકો પાસે બ્લડગ્રૂપ સિવાય બીજું કશું જ પોઝિટિવ હોતુ નથી.''


:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

SINCE 1999
હરિ ૐ PENDAWALA
ગણેશ ચતુર્થી નિમિતે...
શુધ્ધ ઘીના ચુરમા લાડુ
મોતીચુર લાડુ/બેસન લાડુ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099


## ધોળે દિ'એ ગામજનોને ઘરની બહાર નીકળવામાં મુશ્કેલી

# હદ થઈ : સીમરણમાં ''આખલા''નાં આતંકથી સન્નાટો

**સત્તા પક્ષનાં આગેવાનોની વિકાસની ગુલબાંગો વચ્ચે ગામજનો ધોળે દિ'એ ઘરની બહાર નીકળી શકતા નથી**

**નાના એવા ગામમાં અંદાજિત ૧૦૦ જેટલા આખલાઓનો અડિંગો હોય સૌ પરેશાન**

**ઘરની બહાર નીકળતી વખતે હાથમાં લાકડી લઈને નીકળવું પડે તેવી ગંભીર સ્થિતિ**

**સીમરણનાં ગામજનોએ ''કિસાન બચાવો, જય જવાન જય કિસાન''નાં નારા સાથે રેલી યોજી**








અમરેલી, તા. ૨

સાવરકુંડલા તાલુકાનું સીમરણ ગામ આજકાલ એક અનોખા ત્રાસનો સામનો કરી રહ્યું છે. સામાન્ય રીતે ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રિના સમયે શેરીઓ સુમસામ જોવા મળતી હોય છે, પરંતુ અહીં તો દિવસના સમયે પણ ગામની ગલીઓ ખાલી પડેલી જોવા મળે છે. તેનું કારણ છે—ગામમાં ધમાલ મચાવતા અને ખુલ્લેઆમ દોડધામ કરતા રેઢિયાળ આખલાઓ.

સીમરણ ગામની વસ્તી આશરે ૧૪૦૦ જેટલી છે. પરંતુ ૧૦૦ જેટલા આખલાઓના અડિંગાથી ગામનું સામાન્ય જીવન વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું નથી. શેરીઓમાં લોકો ચાલવા કે બાળકો રમવા ડરતા થયા છે. અનેકવાર આખલાઓ ગૃહિણીઓને, બાળકોને કે વૃદ્ધોને પાછળ દોડાવ્યા હોવાના બનાવો સામે આવ્યા છે. આ કારણે ભય અને અસુરક્ષાનું વાતાવરણ છવાઈ ગયું છે.

ગામલોકો જણાવે છે કે, આખલાઓ ફક્ત શેરીઓમાં જ ત્રાસ

અનુસંધાન પાના ૬ ઉપર

---

**શહેરી વિસ્તારમાં શ્વાન અને ગીરકાંઠા વિસ્તારમાં સિંહોની અવર જવર**

# અમરેલીનાં મોટા ગોખરવાળા ગામની બાજુમાં ૩ સિંહો લટાર મારતા જોવા મળ્યા

**એક વાહન ચાલકે મોબાઈલ દ્રશ્ય કેદ કર્યું**



અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં ફરી એકવાર એશિયાટિક સિંહોની હાજરી જોવા મળી છે. અમરેલી નજીક આવેલા મોટા ગોખરવાળા ગામની બાજુમાં ગઈ રાત્રી દરમિયાન ત્રણ સિંહ લટાર મારતા જોવા મળ્યા હતા. ગામ નજીકથી પસાર થતા એક વાહન ચાલકે આ દ્રશ્યો પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધા હતા. સોશિયલ મીડિયા પર આ વીડિયો ઝડપથી વાયરલ થતા ગ્રામ્ય વિસ્તારમાં ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે.

મોટા ગોખરવાળા ગામનું ભૌગોલિક સ્થાન ગીર અભયારણ્યથી બહુ દૂર નથી, જેના કારણે વારંવાર આવા દ્રશ્યો જોવા મળે છે. છતાંય સિંહો ગામની આસપાસ સુધી પહોંચી જતાં ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, રાત્રિના સમયે આ ત્રણેય સિંહો ગામની બાજુમાં આવેલી રોડ પર ધીમી ગતિએ ફરતા જોવા મળ્યા હતા. સિંહોના કડક ગર્જનાના અવાજો પણ સંભળાતા હોવાથી આસપાસના લોકો ચોંકી ગયા હતા.

સ્થાનિક લોકોનું માનવું છે કે ગોખરવાળા સુધી સિંહોના આગમનથી સ્પષ્ટ થાય છે કે હવે સિંહોના પ્રભાવક્ષેત્રમાં સતત વધારો થઈ રહ્યો છે. અગાઉ અમુક કિલોમીટર દૂર સુધી જ સિંહો જોવા

અનુસંધાન પાના ૬ ઉપર

---

**ગણતરીની કલાકોમાં તાલુકા પોલીસ ટીમે આરોપી ઝડપી લીધા**

# અમરેલીનાં ગાવડકા રોડ ઉપર કંપનીમાંથી થયેલ ચોરીનાં ગુન્હાનાં ૫ આરોપી ઝડપાયા

**અન્ય ૨ આરોપીની શોધખોળ શરૂ**



અમરેલી, તા. ૨

અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ અવધ રેસીડેન્સી બ્લોક નં.૨૧માં રહેતા નરેશકુમાર વ્રજલાલ સંઘરાજકા નામના ૬૭ વર્ષિય વેપારીના અમરેલી–બગસરા હાઈવે રોડ ઉપર ગાવડકા ગામમાં આવેલ ૬૬ ઊંટ પાછળ ના ભાગે ક્રિષ્ના એન્જીનીયરીંગ કંપની નામની પી.જી.વી.સી. એલ.ના સિમેન્ટ કોન્ક્રીટના પોલ (થાંભલા) બનાવવાની ફેકટરીમાં ગત તા.૨૯ના સાંજના સાડા સાતથી તા. ૩૦ના રોજ સવારના આઠેક વાગ્યા દરમ્યાન ફેકટરીમાં પ્રવેશવાના બીજા દરવાજાનું તાળુ તોડી કોઈ અજાણ્યા ઈસમે પ્રવેશ કરી ફેકટરીમાંથી જુદી જુદી જગ્યાએથી વાઈબ્રેટર નંગ ૩, કનવેટર નંગ ૧, વેલ્ડીંગ પેટી નંગ–,૨૧૧

અનુસંધાન પાના ૬ ઉપર

---

**દલિત સમાજનાં હોવાથી રાગદ્વેષ રખાતો હોય**

# અમરેલી એસ. ટી. ડેપોનાં ૨ ડ્રાઈવર અને ૧ કંડકટરે ફિનાઈલ ગટગટાવી

**ત્રણેય કર્મીઓને સારવારમાં ખસેડાયા**



અમરેલી, તા. ૨

અમરેલીના એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા બે ડ્રાઈવર અને એક કંડકટરની એસ.ટી.ની સેન્ટ્રલ ઓફિસમાંથી બીજા ડીવીઝનમાં બદલી કરી નાખવામાં આવી હોય. દલીત સમાજ સાથે રાગદ્વેષ રખાતો હોવાના આક્ષેપ સાથે આ ત્રણેય કર્મચારીએ ગઈકાલે ફીનાઈલ ગટગટાવી લેતા તેમને સારવાર માટે અમરેલી સિવીલમાં ખસેડાયા છે.

આ બનાવમાં સૂત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલી ખાતે આવેલ એસ.ટી. ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા અનિલભાઈ ભીખાભાઈ વાળા તથા પરેશભાઈ મનુભાઈ ચૌહાણ તથા કંડકટર તરીકે ફરજ બજાવતા મનિષભાઈ કાંતિભાઈ વાળા નામના ત્રણેય કાયમી કર્મચારીએ ગઈકાલે બપોરે ચિતલ રોડ પર એરપોર્ટની દિવાલ પાસે બગીચામાં બેસી એકસાથે ફિનાઈલ પી લેતા તેમને સારવાર માટે અમરેલી સિવીલ હોસ્પિટલમાં

અનુસંધાન પાના ૬ ઉપર


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
94,400/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૨/૦૯/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૪૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

ધર્મજીવન હોસ્પિટલ
સરકારશ્રીની PMJAY
આયુષ્માન યોજના અંતર્ગત
નીચેના વિભાગોમાં દાખલ સારવાર:
24/7 ઈમરજન્સી
• મેડીસીન & ક્રિટીકલ કેર વિભાગ
• સર્જરી વિભાગ
• ઓર્થોપેડિક વિભાગ
• સ્ત્રી રોગ અને પ્રસુતી વિભાગ
• નવજાત શિશુ માટે NICU & બાળકો માટે PICU વિભાગ
સંપૂર્ણ મફત*
875 875 4112/3310
શિવાજી ચોક, જેસીંગપરા, અમરેલી

## ગુજરાતની ૬૩૫૦ શરાફી મંડળીઓમાં 'પ્રથમ ક્રમાંક'ની રશ્વિનભાઈ ડોડીઆનાં નેતૃત્વમાં ચાલતી મંડળીની વધુ વિશ્વસનિયતાથી

# બગસરા મંડળીની નિકોલ શાખા શુભારંભ સાથે ૪૧મી સાધારણ સભા દબદબાભેર યોજાઈ


મંડળીનો વર્ષ ૨૦૨૪–૨૫ નો નફો રૂા. ૫.૬૪ કરોડ સાથે ૧૫% ડિવીડન્ડ જાહેર કરાયુ

મંડળીનો કુલ બીઝનેશ રૂા. ૨૩૯ કરોડ તથા કુલ ટર્નઓવર ૬૧૩ કરોડ સાથે '૦' ટકા એન.પી.એ.

આ સમારોહમાં રાજકીય, સહકારી, બિલ્ડર અગ્રણીઓ, સામાજિક આગેવાનોની ઉપસ્થિત રહેલ

ગુજરાતભરની ૬૩૫૦ મંડળીઓમાં 'પ્રથમ ક્રમાંક' મેળવવા બદલ અભિનંદન : રૂપાલા










બગસરા, તા. ૨

બગસરા નાગરીક શરાફી સહકારી મંડળી લી.ની અમદાવાદ મુકામે ૯મી શાખા નિકોલ શાખાનો ઉદ્‌ઘાટન સમારોહ તથા ૪૧મી વાર્ષિક સાધારણ સભા પુર્વે કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલાના અધ્યક્ષ સ્થાને તથા મંડળીના સ્થાપક ચેરમેન અનિભાઈ ડોડીઆની આગેવાનીમાં અમદાવાદ મુકામે દબદબાભેર કાર્યક્રમો યોજાયેલ.

આ સમારોહમાં પરશોતમભાઈ રૂપાલાએ ગુજરાતની ૬૩૫૦થી વધુ મંડળીઓમાંથી બગસરા નાગરીક શરાફી સહકારી મંડળીએ " પ્રથમ ક્રમાક" મેળવવા બદલ અભિનંદન પાઠવેલ તેમજ ૪૧ વર્ષથી સતત સભાસદોના હિત માટે કામ કરતી સંસ્થા એક બેંકીંગ અને કોર્પોરેટર જેવી સવલતો અપાઈ રહેલી છે તેવી આ સંસ્થાની કામગીરીઓને બીરદાવેલ. સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆએ સભાસદ હિતલક્ષી યોજનાઓ, પુરતુ ડિવિડન્ડ, સભાસદ ભેટ તેમજ સભાસદને લાભદાયી વિવિધ યોજનાઓ થકી સભાસદ લક્ષી નિર્ણયોથી જે વિશ્વાસ પ્રાપ્ત થયો છે. જેનાથી મંડળી એક પરિવારની જેમ આગળ વધી ગુજરાતમાં પ્રથમ ક્રમાકે પહોંચેલ છે.

આ કાર્યક્રમ અમદાવાદના સાંસદ હસમુખભાઈ પટેલ, ગુજરાત રાજય નાયબ ઉપદંડક કૌશિકભાઈ વેકરિયા, ધારસભ્ય જે.વી. કાકડીયા, કંચનબેન રાદડીયા, વડોદરા મ્યુ.કોર્પોરેશન ડેપ્યુટી મેયર ચિરાગભાઈ બારોટ, આદ્યસ્થાપક સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ નિકોલ–નરોડા મગનભાઈ રામાણી, ચેરમેન સૌરાષ્ટ્ર કો–ઓપ. બેંક લી. પરશોતમભાઈ ગેવરીયા, પુર્વે ડીરેકટર સૌરાષ્ટ્ર કો–ઓપ.બેંક લી. કુરજીભાઈ વાડદોરીયા, પ્રમુખ એ.પી.એમ.સી–બગસરા કાંતીભાઈ વેકરીયા, અમદાવાદ ભા.જ.પ. મહામંત્રી પરેશભાઈ લાખાણી, પુર્વ ધારાસભ્ય–અમદાવાદ કનુભાઈ કોઠીયા, પુર્વે પ્રમુખ અમરેલી જીલ્લા પંચાયત શરદભાઈ લાખાણી, પ્રમુખ વાઝા જ્ઞાતિ સમાજ–અમદાવાદ (બ્લુ બુધ્ધા બ્રાન્ડ ઓનર) હસમુખભાઈ ગોહેલ, અગ્રણી બિલ્ડર ભરતભાઈ ભુવા, વિપુલભાઈ રાદડીયા, જે.જે. કોરાટ, પુર્વે સંયુકત રજીસ્ટ્રાર ગાંધીનગર જે.એલ. મહેતા સહિતના આગેવાનોએ મંડળીની પ્રગતિને બિરદાવેલ. આ કાર્યક્રમ મંડળીની શાખાઓના એમ.ડી.ઓ, ડિરેકટરઓ, એડવાઈઝરી બોર્ડ મેમ્બરો તથા સભાસદોની વિશાળ સંખ્યામાં યોજાયેલ. આ કાર્યક્રમમાં સ્વાગત નિકોલ શાખા એમ.ડી. વિનુભાઈ રાદડીયા, મહેશભાઈ વ્યાસ, ડી.જી. મહેતાએ કરેલ જયારે સમગ્ર કાર્યક્રમનુ સંચાલન જનરલ એમ.ડી. નિતેષભાઈ ડોડીઆએ કરેલ જયારે આભારવિધી સંજયભાઈ કાછડીયાએ કરેલ તેમ ફિલ્ડ ઓફીસર જયદિપભાઈ નાકરાણીની યાદી જણાવે છે.

### જિલ્લા આહીર સમાજ આયોજીત

# અમરેલીમા આવતીકાલે યોજાનારી રેજાંગલા રજ કળશ યાત્રામાં આહીર સમાજનાં શ્રેષ્ઠીઓ પણ ઉપસ્થિત રહેશે

માયાભાઈ આહીર, જીતુભાઈ ડેર, વનરાજભાઈ કોઠીવાલ, કમલેશભાઈ ગરણિયા જોડાશે







અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લા માં ૪ તારીખ ને ગુરૂવાર ના રોજ ચીન સાથેના યુદ્ધમાં ૧૨૦ આહિર જવાનોએ દેશની રક્ષા કાજે પોતાના પ્રાણના બલિદાન આપ્યા હતા. આ શહીદો ના પરાક્રમ, શોર્યતા, વીરતા, દેશપ્રેમ ને ઉજાગર કરવા ગામડે ગામડે રેજાંગલા રજ કળશ યાત્રા ભારતીય સેનામાં આહિર રેજિમેન્ટની માંગ સાથે અખિલ ભારતીય યાદવ મહાસભા દ્વારા આયોજિત કરવામાં આવી છે. આ યાત્રા અમરેલી ના આંગણે તારીખ ૪ ને ગુરૂવારના રોજ પધારે છે ત્યારે આદેશ આશ્રમ હીરાણા થી તેનું સ્વાગત કરી ચાવંડ, લાઠી, થઈ અમરેલી બપોરે પહોંચવાની છે ત્યારે અમરેલી જિલ્લા આહિર સમાજ દ્વારા આ યાત્રા ને ભવ્ય શોભાયાત્રામાં પરિવર્તિત કરવા માટે તડામાર તૈયારીઓ કરી છે. આ યાત્રામાં આહિર સમાજના લોકો ઘોડા, કાર, બાઈક સાથે વિશાલ સંખ્યામાં ઉપસ્થિત રહી અમરેલીના મુખ્ય માર્ગો પર ફરવાની છે ત્યારે આ યાત્રા ને વધુ મજબૂત અને પ્રભાવશાળી બનાવવા માટે આહિર સમાજના આગેવાન એવા લોકસાહિત્ય કાર માયાભાઈ આહિર અને દ્વારકા સ્થિત યોજાયેલ આગિરાણી મહારાસના પ્રણેતા લીરીબેન માડમ પણ તેમાં સહભાગી થવાના છે. ત્યારે અમરેલીના વિવિધ માર્ગો પર આ યાત્રાનુ નેતૃત્વ અમરેલી જીલ્લા આહિર સમાજના પ્રમુખ જીતુભાઈ ડેર, ઉપ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, યુવા પ્રમુખ કમલેશભાઈ ગરણિયા સાથે આમંત્રિત મહેમાનો માયાભાઈ આહિર અને લીરીબેન માડમ પણ જોડાઈ ને યાત્રા માં રેજાંગલા યુદ્ધ માં શહીદ થયેલા આહિર જવાનોની ગાથાને વર્ણવી તેને શ્રદ્ધાંજલિ આપી ભારતીય સેનામાં આહિર રેજિમેન્ટની માંગ ને વધુ મજબૂત કરશે.

# સાવરકુંડલા : ગણપતિજીને ફુગ્ગાનો શણગાર કરાયો




સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા શહેરની મધ્યમાં ગાંધી ચોક ખાતે અને દેવળા ગેઈટની મધ્યમાં સિધ્ધિ વિનાયક બાળ મંડળના સંકેત ત્રિવેદી, આદિત્ય ગોરાડીયા, કશ્યપ ચોંડીગળા, ગોપાળ ગોરાડીયા વગેરે યુવાનો દ્વારા પ્રતિવર્ષ ગણેશ મહોત્સવ યોજવામાં આવે છે. તેમજ દરરોજ યુવાનો દ્વારા ભગવાન ગણેશજીને અલગ અલગ શણગાર કરવામાં આવે છે. જેમાં ફુગ્ગાનો શણગાર કરવામાં આવતા મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈઓ બહેનોએ ગણપતિજીનાં દર્શન કરી ધન્યતાં અનુભવી હતી ફુગ્ગાના શણગારનાં દાતા તરીકે સંકેત ત્રિવેદીએ સેવા આપી હતી.

### શહેરની શાન, ભુવા રોડનું નવીનીકરણ

# સાવરકુંડલા : નાવલી બ્રિજથી દરવાજા સુધીનો રોડ રૂા. ૧૨ કરોડના ખર્ચે બનશે

મુખ્યમંત્રીનો ધારાસભ્ય કસવાલાએ આભાર માન્યો




સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા વિકાસમાં એક મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. નાવલી નદીના બ્રિજથી દરવાજા રોડના નવીનીકરણ માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ધ્વારા રૂા. ૧૨ કરોડનું ભંડોળ મંજુર કરવામાં આવ્યું છે. આ રોડનું નિર્માણ આધુનિક ટેકનોલોજી અને ઉચ્ચ ગુણવતાવાળી સામગ્રીથી કરવામાં આવશે. રોડને પહોળો અને સુવ્યવસ્થિત બનાવવામાં આવશે. જેથી વાહનવ્યવહાર સરળ બને અને શહેરનું સૌદર્ય વધુ ઉજાગર થાય. ભુવા રોડ નાવલી નદી બ્રિજ, દરવાજા રોડ અને શહેરના મુખ્ય પ્રવેશધ્વારને જોડતો હોવાથી તેનો વિકાસ સ્થાનિક અર્થતંત્ર અને વેપાર–વ્યવહારને નવી ગતિ આપશે. નગરજનો તેમજ પ્રવાસીઓ માટે આ એક મોટી રાહતરૂપ સાબિત થશે.

ધારાસભ્ય મહેશ કસવાલાએ આ અવસરે જણાવ્યું કે ' મુખ્યમંત્રીના સહયોગ અને દુરદેશી વિચારસરણીથી જ આ પ્રોજેકટ શકય બન્યો છે. સાવરકુંડલાના નાગરિકોને આ નવીન રોડ સુવિધા મળી રહી છે. જે સર્વાંગી વિકાસ તરફનું એક મોટું પગલું છે. ' સાવરકુંડલા–ભુવા રોડના નવીનીકરણ માટે ૧૨ કરોડ મંજુર કરવા બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આભાર માન્યો હતો.

# અમરેલી : શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક કેમ્પસ વિદ્યાસભામાં ગણેશ સ્થાપન કરાયુ






અમરેલી ગણેશ ચતુર્થી, દરેક શુભકાર્ય પ્રથમ પૂજય વિધ્નહર્તા દેવ ગણપતિ ભગવાનની પૂજાથી શરૂ થાય. શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં ગણેશોત્સવ–૨૦૨૫. શુભારંભ થયો જેમાં સ્કૂલ કોલેજ હોસ્ટેલના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ આનંદ ઉત્સાહ સાથે જોડાયા હતા. ગણેશજીને વાજતે ગાજતે સ્તુતિ, ધૂન સાથે "જય ગણેશ..." "ગણપતિ બાપા મોરિયા"ના નાદ સાથે કેમ્પસ ગુંજી ઉઠયું હતું. વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા ગણેશજીનું સ્થાપન કરવામાં આવેલ ત્યારબાદ ગણેશજીનું વિધીવત પૂજન કરવામાં આવેલ દરરોજ અલગ–અલગ વિભાગ દ્વારા સવાર–સાંજ આરતી કરવામાં આવેલ. તેમજ ટ્રસ્ટી ડાયાભાઈ ગજેરા, ખોડાભાઈ સાવલિયા તેમજ સમાજના અગ્રણીઓ, ખોડલધામ મહિલા સમિતી, રાજુભાઈ ફીણવિયા, પંકજભાઈ મહેતા, રાજેશભાઈ સતાસિયા, જયસુખભાઈ કાવઠીયા અને શુભેચ્છકો, સ્ટાફઓ અને વિદ્યાર્થીઓ આરતી અને સત્યનારાયણ ભગવાનની કથામાં ઉપસ્થિત રહ્યા હતા. જેથી વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે સંસ્કારોનું પણ સિંચન થાય, ગણેશજીની જેવી વિદ્યાર્થીઓ માતા–પિતાની સેવા કરી સારા અને શ્રેષ્ઠ બને તેવી ઉમદા ભાવના સાથે વિદ્યાસભાની યાદી જણાવે છે આ કાર્યક્રમ કરવામાં આવેલ. આ તકે પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ વિદ્યાર્થીઓને ગણેશ સ્થાપની શુભકામનાઓ પાઠવી.

### રાજ્યના વીજ ધારકો માટે રાહતના સમાચાર

# વીજ બિલમાં રાહત મળશે, ફ્યુઅલ ચાર્જમાં ૧૫ પૈસાનો થશે ઘટાડો

**વીજ ગ્રાહકો પાસેથી ફ્યુઅલ ચાર્જ તરીકે પ્રતિ યુનિટ ૨.૪૫ વસૂલવામાં આવતા હતા**

અમદાવાદ,તા. ૨

રાજ્યના વીજ ધારકો માટે રાહતના સમાચાર. વીજ બિલમાં રાહત મળશે. ફયુઅલ ચાર્જમાં ૧૫ પૈસાનો થશે ઘટાડો.

અગાઉ ફયુઅલ ચાર્જ ૨ રૂપિયા ને ૪૫ પૈસા હતો. જેમાં ૧૫ પૈસાનો ઘટાડો કરતા બે રૂપિયાને ૩૦ પૈસા થશે. ગુજરાતના વીજ ગ્રાહકોને મોટો લાભ મળશે.

ગુજરાતના લાખો વીજ ગ્રાહકો માટે આનંદના સમાચાર છે. હવે તમારા માસિક વીજ બિલમાં ઘટાડો જોવા મળશે. આ ઘટાડો વીજળીના બિલમાં લાગતા ફયુઅલ સરચાર્જ એટલે કે ફયુઅલ પ્રાઈસ એન્ડ પાવર પરચેઝ એડજસ્ટમેન્ટ (FPPPA) માં થયેલા ઘટાડાને કારણે થયો છે.અગાઉ, વીજ ગ્રાહકો પાસેથી ફયુઅલ ચાર્જ તરીકે પ્રતિ યુનિટ ૨.૪૫ વસૂલવામાં આવતા હતા. હવે તેમાં ૧૫ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઘટાડા બાદ નવો ફયુઅલ ચાર્જ પ્રતિ યુનિટ ૨.૩૦ થશે.

આ ઘટાડાથી સામાન્ય નાગરિકથી લઈને ઉદ્યોગો સુધીના તમામ વીજ ગ્રાહકોને ફાયદો થશે. વીજળીનો વપરાશ જેમ વધુ તેમ બિલમાં થતી બચત પણ વધુ હશે

### પુતિનના પ્લાનથી ટ્રમ્પનું સપનું રોળાયું

# રશિયાનું સૌથી ઘાતક ફાઈટર જેટ Su-૫૭ ભારતમાં બનશે?

**આ પગલું ભારત અને રશિયાના સંબંધોને વધુ મજબૂત બનાવશે અને અમેરિકાની F-૩૫ વેચવાની યોજના પર સીધી અસર કરશે**

ચીન, તા.૨

ચીનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની મુલાકાત બાદ એક મોટા સમાચાર સામે આવ્યા છે. રશિયા પોતાના સૌથી લેટેસ્ટ ફાઈટર જેટ સુખોઈ જી-૫૭ને ભારતમાં જ બનાવવાનું વિચારી રહ્યું છે. આ નિર્ણય અમેરિકા માટે ચિંતાનો વિષય છે, કારણ કે ડોનાલ્ડ ટ્રમ્પ ભારતને પોતાના F-૩૫ ફાઈટર જેટ વેચવા માંગતા હતા.

ભારતીય વાયુસેનાને હાલમાં બેથી ત્રણ સ્કવોડ્રન પાંચમી પેઢીના ફાઈટર જેટની જરૂર છે. આ પ્રોજેક્ટમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે, જે પહેલાથી જ નાસિકમાં જી-૩૦ MKI નું નિર્માણ કરે છે. આ પગલું ભારત અને રશિયાના સંબંધોને વધુ મજબૂત બનાવશે અને અમેરિકાની F-૩૫ વેચવાની યોજના પર સીધી અસર કરશે. રશિયન એજન્સીઓ હાલમાં એ વાતનું મૂલ્યાંકન કરી રહી છે કે ભારતમાં જી-૫૭નું ઉત્પાદન કરવા માટે કેટલું મોટું રોકાણ કરવું પડશે. જો આ પ્રોજેક્ટ શરૂ થશે, તો તેના બે ફાયદા થશે. એક તો ભારતને વિશ્વના સૌથી આધુનિક ફાઈટર જેટ મળશે અન બીજું એ કે આ વિમાનોનો ખર્ચ પણ ઓછો થશે, કારણ કે તેનું નિર્માણ અહીં જ થશે. ભારતમાં પહેલેથી જ ઘણી ફેક્ટરીઓ છે જે રશિયા દ્વારા બનાવેલા લશ્કરી ઉપકરણો તૈયાર કરે છે. તેમનો ઉપયોગ જી-૫૭ના ઉત્પાદન માટે પણ કરી શકાય છે.

આ સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે ભારત અને અમેરિકા વચ્ચે વેપારી તણાવ ચાલી રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે ભારતના ઘણા ક્ષેત્રો પર ટેરિફ લગાવ્યા છે અન F-૩૫ ફાઈટર જેટ ખરીદવા માટે દબાણ કરી રહ્યા છે. જોકે, જો ભારત અને રશિયા જી-૫૭નું ઉત્પાદન સાથે મળીને કરશે, તો તે અમેરિકાની F-૩૫ વેચવાની યોજનાને નિષ્ફળ બનાવશે. આ ગલું સ્પષ્ટ દર્શાવશે કે ભારત પોતાની સુરક્ષા માટે રશિયા સાથે ગાઢ ભાગીદારી જાળવી રાખવા માંગે છે.

ભારતે તાજેતરના વર્ષોમાં રશિયા પાસેથી જી-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ ખરીદી છે અને હવે તેણે જી-૫૦૦માં પણ રસ દાખવ્યો છે. રશિયા ઈચ્છે છે કે આની સાથે જ ભારત જી-૫૭ને પણ પોતાની વાયુસેનાનો ભાગ બનાવે. રસપ્રદ વાત એ છે કે ભારત પહેલા પણ રશિયાના ફિફથ જનરેશન ફાઈટર એરક્રાફ્ટ (FGFA) પ્રોગ્રામનો ભાગ રહી ચૂક્યું છે. જોકે, ટેક્નિકલ અને નાણાકીય મતભેદોને કારણે ભારતે આ પ્રોજેક્ટથી બહાર નીકળી ગયું હતું. જોકે, વર્તમાન વૈશ્વિક તણાવ અને ભારત-અમેરિકાના સંબંધોને કારણે આ પ્રોજેક્ટ ફરીથી ચર્ચામાં આવ્યો છે. રશિયા સાથેની આ સંભવિત ડીલ એવા સમયે થઈ રહી છે જ્યારે ભારત પોતાનું સ્વદેશી પાંચમી પેઢીનું લડાકુ વિમાન પણ વિકસાવી રહ્યું છે, જેનું પ્રથમ પરીક્ષણ ૨૦૨૮માં અને વાયુસેનામાં સમાવેશ ૨૦૩૫ સુધીમાં થવાની અપેક્ષા છે. આથી, આગામી દસ વર્ષ ભારત માટે નિર્ણાયક છે, કારણ કે આ સમયગાળામાં જરૂરિયાત પૂરી કરવા માટે તેને એક મોટા ભાગીદારની જરૂર પડશે, નહીં તો વાયુસેનામાં મોટી કમી આવી શકે છે. ભારત માટે એક મોટી તક - જો જી-૫૭નું ઉત્પાદન ભારતમાં થાય તો તેના ઘણા ફાયદા થશે.

- ભારતને અત્યાધુનિક સ્ટેલ્થ ફાઈટર જેટ્સ મળશે.
- સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રમાં મોટા પાયે રોજગારી ઊભી થશે.
- ભારત રશિયા સાથેની સંરક્ષણ ભાગીદારીને વધુ ઊંડી કરશે.
- અમેરિકાના દબાણ અને શરતોથી બચીને પોતાની વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવી રાખશે.

### વરસાદ અને પૂરના કારણે ઘણી તબાહી મચી

# પંજાબમાં પૂરથી તબાહી, 30 લોકોનાં મોત, ૧૦૦૦થી વધુ ગામડાઓ ડૂબી ગયા

**પૂરના કારણે પાક અને ખેડૂતોના પશુઓને ભારે નુકસાન થયું છે પંજાબમાં સોમવાર સુધીમાં 30 લોકોના મોત થયા છે**

પંજાબ, તા.૨

છેલ્લા કેટલાક દિવસોથી પંજાબમાં સતત વરસાદ અને પૂરના કારણે ભારે વિનાશ સર્જાયો છે. રાજયના ઘણા જિલ્લાઓમાં પૂરને કારણે લોકો ઘણી મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. પૂરના કારણે પાક અને ખેડૂતોના પશુઓને ભારે નુકસાન થયું છે. પંજાબમાં સોમવાર સુધીમાં ૩૦ લોકોના મોત થયા છે.

સોમવારે ચીનની મુલાકાત બાદ દિલ્હી પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાથે ફોન પર વાત કરી અને રાજ્યમાં વરસાદ અને પૂર અંગે ચર્ચા કરી. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સોમવારે હોશિયારપુર જિલ્લાના કેટલાક અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી.

પંજાબમાં આવેલા પૂરથી ૧૦ થી વધુ જિલ્લાના ૧,૦૦૦ થી વધુ ગામડાઓ પ્રભાવિત થયા છે. આનાથી ૨.૫ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. મુખ્યમંત્રી ભગવંત માનએ દાવો કર્યો છે કે તેમની AAP સરકાર લોકોને દરેક પૈસાના નુકસાન માટે વળતર આપશે. જણાવવામાં આવ્યું છે કે સોમવાર સુધીમાં પંજાબમાં ૩૦ લોકોના મોત થયા છે.

બીજી તરફ, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણના કાર્યાલયે સોમવારે જણાવ્યું હતું કે તેઓ પાકને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે ટૂંક સમયમાં પંજાબની મુલાકાત લેશે. એક સત્તાવાર નિવેદન અનુસાર, મંત્રીએ વિવિધ રાજ્યોમાં વરસાદની સ્થિતિની સમીક્ષા કરવા માટે એક બેઠક યોજી હતી અને પંજાબમાં પૂર અને પાક પર તેની અસર અંગે અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરી હતી.

કેબિનેટ મંત્રી હરદીપ સિંહ મુંડિયનએ જણાવ્યું હતું કે પંજાબમાં મુખ્યમંત્રી ભગવંત સિંહ માનના નેતૃત્વ હેઠળની સરકાર દરેક પરિસ્થિતિનો સામનો કરવા અને અસરગ્રસ્ત લોકોને રાહત આપવા માટે સતત સખત મહેનત કરી રહી છે. તેમણે કહ્યું કે પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને, તમામ અસરગ્રસ્ત જિલ્લાઓમાં મોટા પાયે રાહત કાર્ય કરવામાં આવી રહ્યું છે.

ગુરદાસપુરથી ૫૫૪૯, પઠાણકોટથી ૧૧૩૯, અમૃતસરથી ૧૭૦૦, ફિરોઝપુરથી ૩૩૨૧, ફાઝિલકાથી ૨૦૪૯ અને હોશિયારપુરથી ૧૦૫૨ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. બર્નાલામાંથી ૨૫, કપૂરથલામાંથી ૫૧૫, તરનતારનમાંથી ૬૦, મોગામાંથી ૧૧૫ અને માનસામાંથી ૧૬૩ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. બેઘર પરિવારોને તાત્કાલિક રહેઠાણ પૂરું પાડવા માટે પંજાબમાં ૧૨૯ કેમ્પ સ્થાપવામાં આવ્યા છે.

અમૃતસરમાં ૧૬, બર્નાલામાં ૧, ફાઝિલકામાં ૧૦, ફિરોઝપુરમાં ૮, ગુરદાસપુરમાં ૨૫, હોશિયારપુરમાં ૨૦, કપૂરથલામાં ૪, માનસામાં ૧, મોગામાં ૯, પઠાણકોટમાં ૧૪, સંગરુરમાં ૧ અને પટિયાલા જિલ્લામાં ૨૦ કેમ્પનો સમાવેશ થાય છે.

### ૭ સપ્ટેમ્બર સુધી અંબાજી માટે બસોનું સંચાલન કરાશે

# ભાદરવી પૂનમ નિમિતે અંબાજી જતા દર્શનાર્થીઓ માટે ૫૫૦૦ એક્સ્ટ્રા બસોનું આયોજન

**મહેસાણામાં નવીન ૭૦ બસનું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું**

મહેસાણા, તા.૨

કુલ ૪૦૧૩ નવીન બસો સંચાલનમાં મૂકવામાં આવશે. સુપર એક્સપ્રેસ ૨૪૧૩, ગુર્જર નગરી ૫૫૦ બસો, સ્લીપર ૧૦૦, મીડી ૭૫૦, પ્રીમિયર રેડી બિલ્ટ ૨૦૦. ઉલ્લેખનીય છે કે ૧ જાન્યુઆરી ૨૦૨૩થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ સુધી ૩,૨૯૫ બસનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

અંબાજીમાં ભાદરવી પૂનમના મહા મેળાનો રંગચંગે પ્રારંભ થઈ ગયો છે. ભાવિક ભક્તો પગપાળા માં અંબાના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં પહોંચી રહ્યા છે. ત્યારે અન્ય શ્રદ્ધાળુઓ પણ સરળતાથી અંબાજી સુધીની મુસાફરી કરી શકે તે માટે પણ રાજ્ય સરકાર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મહેસાણામાં નવીન ૭૦ બસનું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે.
નવીન બસોના લોકાર્પણ સમારોહમાંગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી અને કેબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલ હાજર રહ્યા, ભાદરવી પૂનમ નિમિત્તે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવાનો પણ શુભારંભ કરવામાં આવ્યો છે. ૨૦૨૪–૨૫માં ૧૯૬૩ અને ૨૦૨૫-૨૬માં ૨૦૨૫ બસો સંચાલનમાં મૂકવામાં આવશે, આમ કુલ ૪૦૧૩ નવીન બસો સંચાલનમાં મૂકવામાં આવશે. સુપર એક્સપ્રેસ ૨૪૧૩, ગુર્જર નગરી ૫૫૦ બસો, સ્લીપર ૧૦૦, મીડી ૭૫૦, પ્રીમિયર રેડી બિલ્ટ ૨૦૦. ઉલ્લેખનીય છે કે ૧ જાન્યુઆરી ૨૦૨૩થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ સુધી ૩,૨૯૫ બસનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં દૈનિક ૨૫ લાખથી વધારી ૨૭ લાખ મુસાફરો લાભ લેશે. ૨ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધી ભાદરવી પૂનમને લઈને અંબાજી જવા માટે બસોનું સંચાલન કરવામાં આવશે.

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે આપને માં અંબાના પર્વની ખૂબ ખૂબ શુભકામનાઓ આપું છું, જે એક ડગલું ચાલી ન શકતા હોય એવા કિલોમીટરો ચાલીને અંબાજી જતા હોય છે, એમની સુવિધાઓ માટે નવીન બસો એક્સ્ટ્રા બસોની સુવિધાઓ અપાઈ છે. આજે ૭૦ નવી બસનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. દર્શનાર્થીઓ માટે ૫૫૦૦ એક્સ્ટ્રા બસોનું આયોજન કરાયું છે. વધુમાં મંત્રીએ જણાવ્યું કે ચોરી કે રોમિયોગીરી કોઈ કરશે તો ચારે દિશામાં કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે અને જો કોઈ આવી હિંમત કરે તો પોલીસને હાથમાં લાકડીએ સજાવટ માટે નથી આપી તેની સંપૂર્ણ સૂચના રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે.

### ફિલ્મના પ્રમોશનમાં મદદરૂપ બનતાં અજયે ટ્રેલર શેર કર્યુ

# ‘વશ ૨’થી અજય દેવગન પ્રભાવિત જાનકી બોડીવાલાના વખાણ કર્યા

**કૃષ્ણદેવ યાજ્ઞિકે ડાયરેક્ટ કરેલી આ ફિલ્મને કૃણાલ સોની અને કલ્પેશ સોનીએ પ્રોડ્યુસ કરી છે**

મુંબઈ, તા.૨



ગુજરાતી ફિલ્મ ‘વશ લેવલ ૨’ દેશભરમાં ઉત્સુકતા ઊભી કરી રહી છે. ગુજરાત બહારના ઓડિયન્સને પણ પસંદ આવી રહેલી આ ફિલ્મથી અજય દેવગન પણ પ્રભાવિત થયા છે. તેમણે ઈન્સ્ટાગ્રામ પર આ ગુજરાતી સીક્વલને ‘ગૂડ સિનેમા’ ગણાવી છે. તેમણે જાનકી બોડીવાલાના વખાણ કરવાની સાથે સમગ્ર ટીમને અભિનંદન આપ્યા છે. અજય દેવગને ફિલ્મના પ્રમોશનમાં ભાગ લીધો હતો અને તેનું ટ્રેલર શેર કર્યુ હતું. સોશિયલ મીડિયા પોસ્ટમાં અજય દેવગને જણાવ્યુ હતું કે, સારું સિનેમા ઘણા દૂર સુધી જાય છે. કૃષ્ણદેવ યાજ્ઞિક, કુમાર મંગત પાઠક અને વશ વિવશ લેવલ ૨ની સમગ્ર ટીમને અભિનંદન. જાનકી બોડીવાલને ફરી શાનદાર કામ માટે ખાસ અભિનંદન. જાનકી બોડીવાલાએ આ ફિલ્મમાં આર્યાનો રોલ કર્યો છે અને તેને આ વર્ષની ગુજરાતી ફિલ્મોના સૌથી વધુ સારા પરફોર્મન્સમાં સ્થાન મળે છે. ‘વશ’ ૨૦૨૩માં રિલીઝ થઈ હતી અને તેને નેશનલ એવોર્ડ મળ્યો હતો. આ ફિલ્મથી પ્રેરિત થઈને ‘શૈતાન’ બની હતી, જેમાં અજય દેવગનનો લીડ રોલ હતો. બે વર્ષ બાદ ‘વશઃ લેવલ ૨’ આવી છે. કૃષ્ણદેવ યાજ્ઞિકે ડાયરેક્ટ કરેલી આ ફિલ્મને કૃણાલ સોની અને કલ્પેશ સોનીએ પ્રોડ્યુસ કરી છે. ઓડિયન્સને ડરાવી મૂકતી અને શ્વાસ ઊંચા કરી દેતી ‘વશ’નો વારસો આ ફિલમે આગળ ધપાવ્યો છે. ફિલ્મની સ્ટોરી ૧૨ વર્ષ બાદની ઘટના સાથે થાય છે, જેમાં અથર્વને ફરી દુષ્ટ શક્તિનો અનુભવ થાય છે. દુષ્ટ શક્તિએ તેની દીકરીને ક્યારેય છોડી જ ન હોતી, તેવું અથર્વને લાગે છે. ફરી એક વખત તેની દીકરી હિંસક બને છે અને કઠપૂતળીની જેમ હુમલા કરે છે. ભૂત અને કાળા જાદુ કરી રહેલા પ્રતાપ સામેની લડાઈ આગળ વધે છે. આ ફિલ્મે દેશભરમાં ચાર દિવસમાં રૂ.૪.૮ કરોડનું કલેક્શન મેળવ્યું છે, જેમાંથી ગુજરાતમાં ૨.૭૫ કરોડની આવક થઈ છે.

### આઠ જ મિનિટમાં એર ટ્રાફિક કંટ્રોલ સાથે સંપર્ક તૂટ્યો

# ઈન્ડોનેશિયામાં એક ભારતીય સહિત આઠ મુસાફરોને લઈ જતું હેલિકોપ્ટર ગુમ

**એસ્ટિન્ડો એર કંપનીના હેલિકોપ્ટરે સોમવારે બોર્નિયો ટાપુ પરથી ઉડાન ભરી હતી, ત્યારબાદ ગુમ થતા સમગ્ર ટીમે શોધખાળ શરૂ કરી દીધી છે**

ઈન્ડોનેશિયા, તા.૨

ઈન્ડોનેશિયામાં એક ભારતીય સહિત આઠ મુસાફરોને લઈ જતું હેલિકોપ્ટર અચાનક ગુમ થઈ ગયું છે. એસ્ટિન્ડો એર કંપનીના હેલિકોપ્ટરે સોમવારે બોર્નિયો ટાપુ પરથી ઉડાન ભરી હતી, ત્યારબાદ ગુમ થતા સમગ્ર ટીમે શોધખોળ શરૂ કરી દીધી છે.

ઈન્ડોનિસાયી સમાચાર એજન્સી અંતરાના રિપોર્ટ મુજબ એરબેસ બીકે૧૧૭ ઙ૩ મોડલનું હેલિકોપ્ટર ગુમ થયુંછે. દક્ષિણ કાલિમંતન પ્રાંતના કોટાબારુ જિલ્લાથી મુસાફરોને લઈને જતું હેલિકોપ્ટર મધ્ય કાલિમંતના પાલતાંકરાયા શહેર જવાનું હતું જોકે તેનો આઠ જ મિનિટમાં એર ટ્રાફિક કંટ્રોલ સાથે સંપર્ક તૂટી ગયો છે.

રિપોર્ટ મુજબ, મુસાફરોના ભારતીય નાગરિક સંથા કુમાર પણ સામેલ હતો. શોધખોળ કરી રહેલી એજન્સીના પ્રમુખ આઈ પુતુ સુદયાનાએ કહ્યું કે, ‘અમે હેલિકોપ્ટર શોધવા માટે બે હેલિકોપ્ટર કામે લગાડ્યા છે. વિવિધ એજન્સીઓના સ્થાનીક સ્વયંસેવકો અને ૧૪૦ કર્મચારીઓ પણ શોધખોળ અભિયાનમાં જોડાયા છે. અમારી ટીમ ૨૭ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં જંગલ અને પહાડી વિસ્તારોમાં લાપતા હેલિકોપ્ટરની શોધ કરી રહી છે.

### ભારતની કંપનીઓને મોટો ફટકો

# દવાઓ પર ૨૦૦ ટકા ટેરિફ લગાવવાની તૈયારીમાં ટ્રમ્પ

**તેમણે કંપનીઓને તૈયારીનો સમય આપવા માટે આ ટેરિફ લાગુ કરવામાં લગભગ એકથી દોઢ વર્ષનો વિલંબ કરવાની વાત પણ કહી છે**

નવીદિલ્હી, તા.૨

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આયાત થતી દવાઓ પર ૨૦૦% કે તેથી વધુનો ટેરિફ લગાવવાની યોજના બનાવી છે. તેમનો ઉદ્દેશ્ય વિદેશથી દવાઓનું ઉત્પાદન પાછું અમેરિકા લાવવાનો છે. જોકે, તેમણે કંપનીઓને તૈયારીનો સમય આપવા માટે આ ટેરિફ લાગુ કરવામાં લગભગ એકથી દોઢ વર્ષનો વિલંબ કરવાની વાત પણ કહી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જો અમેરિકા આયાત પર ટેરિફ લગાવશે તો ભારતને અસર થઈ શકે છે. ભારત જેનરિક દવાઓનો મુખ્ય નિકાસકાર હોવાથી, ભારતીય દવા ઉત્પાદકોને નુકસાન થઈ શકે છે અને તેમની નિકાસ પર અસર પડી શકે છે. જોકે, કેટલાક અહેવાલો સૂચવે છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર મુખ્યત્વે ચીનથી આયાત થતી દવાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.ટ્રમ્પનો મુખ્ય હેતુ ફાર્મા કંપનીઓને અમેરિકામાં ઉત્પાદન કરવા દબાણ લાવવાનો છે, જેના પર કોઈ ટેરિફ લાગશે નહીં. આ નીતિના કારણે જોન્સન એન્ડ જોન્સન અને રોશ જેવી મોટી કંપનીઓએ પહેલેથી જ અમેરિકામાં રોકાણ વધારવાની જાહેરાત કરી છે.

નિષ્ણાતો માને છે કે ટ્રમ્પના ઊંચા ટેરિફથી દવાઓ મોંઘી થશે અને તેની અછત સર્જાઈ શકે છે. આનાથી ખાસ કરીને ઓછો નફો ધરાવતી જેનરિક દવાઓ પર વધુ અસર થશે. વિશ્લેષકોના અંદાજ મુજબ, ફક્ત ૨૫% ટેરિફ પણ અમેરિકામાં દવાઓનો ખર્ચ ૫૧ અબજ ડોલર સુધી વધારી શકે છે.

દવા કંપનીઓ અને ઉદ્યોગોએ આ પગલાની ટીકા કરી છે, કારણ કે તેમને ભય છે કે ટેરિફ R&D અને નવીનતાને નુકસાન પહોંચાડશે. જોકે, કેટલાક રોકાણકારો અને વિશ્લેષકો માને છે કે ૨૦૦% ટેરિફ ખરેખર લાગુ નહીં થાય, પરંતુ તે માત્ર એક વાટાઘાટોની યુક્તિ હોઈ શકે છે.

### ઘણા ગામો કાટમાળમાં ફેરવાઈ ગયા

# અફઘાનિસ્તાનમાં ભૂકંપથી મોતનો આંકડો વધીને ૧૪૧૧ થઈ ગયો

**આ આફતોએ માત્ર જાન-માલનું નુકસાન જ નથી કર્યું, પરંતુ જે વિસ્તારો પહેલેથી જ સંકટગ્રસ્ત હતા ત્યાં માનવીય સંકટને વધુ ઊંડું બનાવ્યું છે**

અફઘાનિસ્તાન, તા.૨

અફઘાનિસ્તાનમાં આવેલા ભૂકંપમાં મૃત્યુઆંક ૧૪૧૧ થઈ ગયો છે, જ્યારે ઘાયલોની સંખ્યા ૩૨૫૦ થી વધુ થઈ ગઈ છે. રવિવારે રાત્રે અફઘાનિસ્તાનના જલાલાબાદ નજીક ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ સમયે મોટાભાગના લોકો સૂઈ રહ્યા હતા, જેના કારણે તેઓ ઈમારતોના કાટમાળ નીચે દટાઈ ગયા હતા.

૧ સપ્ટેમ્બરના રોજ, અફઘાનિસ્તાનના પૂર્વી ભાગ, ખાસ કરીને નાંગરહાર અને કુનાર પ્રાંતોમાં ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે ભારે વિનાશ થયો હતો. હજારો ઘરો તૂટી પડ્યા, ઘણા ગામો કાટમાળમાં ફેરવાઈ ગયા અને લાખો લોકો બેઘર થઈ ગયા. રવિવારે રાત્રે ૧૧:૪૭ વાગ્યે (સ્થાનિક સમય) ભૂકંપ અનુભવાયો, જ્યારે મોટાભાગના લોકો ઊંઘી રહ્યા હતા, જેના કારણે જાનહાનિની સંખ્યામાં વધુ વધારો થયો. ભૂકંપનું કેન્દ્ર જલાલાબાદથી ૨૭ કિલોમીટર ઉત્તર-પૂર્વમાં, ફક્ત ૮-૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું.

હંમેશની જેમ, આ વખતે પણ ભારતે આ દુર્ઘટનામાં મદદનો હાથ લંબાવ્યો છે. કાબુલમાં ભારતીય મિશને પહેલા તાત્કાલિક તંબુ અને પછી ખાદ્ય પદાર્થો મોકલ્યા છે. અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે વિશ્વભરમાંથી મદદ માંગી છે. આ પછી, ભારતે મદદ માટે કાબુલમાં ૧ હજાર તંબુ મોકલ્યા છે. ઉપરાંત, કાબુલથી કુનારમાં ૧૫ ટન ખાદ્ય પદાર્થો મોકલવામાં આવ્યા હતા. વિદેશ મંત્રી એસ જયશંકરે ઠ પર લખ્યું હતું કે ભારત ભવિષ્યમાં પણ રાહત સામગ્રી મોકલશે. ૨૦૨૧ માં તાલિબાન સરકારની રચના પછી, આંતરરાષ્ટ્રીય સંગઠનોએ અફઘાનિસ્તાનમાં માનવતાવાદી સહાય બંધ કરી દીધી હતી.

અફઘાનિસ્તાનમાં ભૂકંપ કંઈ નવું નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં આ પ્રદેશમાં ઘણા મોટા ભૂકંપ આવ્યા છે. ૭ ઓક્ટોબર,૨૦૨૩ ના રોજ, હેરાત પ્રાંતમાં ૬.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં ૧,૫૦૦-૪,૦૦૦ લોકો માર્યા ગયા હતા. ૨૦૧૫ માં ૭.૫ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જેમાં ભારે વિનાશ થયો હતો. ૨૦૨૧-૨૦૨૫ ના સમયગાળામાં ૩૦ થી વધુ ભૂકંપ આવ્યા હતા, જેમાં ૨,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. હિન્દુકુશ પ્રદેશની ભૂસ્તરશાસ્ત્રીય સંવેદનશીલતા અને આબોહવા પરિવર્તનને કારણે ભૂસ્ખલનના વધતા જોખમે આ આફતોને વધુ ઘાતક બનાવી છે. અફઘાનિસ્તાનમાં ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ રિક્ટર સ્કેલ પર મધ્યમ શ્રેણીમાં આવે છે, પરંતુ તેનાથી ભારે નુકસાન થયું હતું. આના ઘણા કારણો છે, જે અફઘાનિસ્તાનની ભૂસ્તરશાસ્ત્રીય, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ સાથે સંબંધિત છે. ભૂસ્તરશાસ્ત્રીય પરિસ્થિતિઓ અને ટેક્ટોનિક પ્રવૃત્તિઓ જોઈએ તો અફઘાનિસ્તાન હિન્દુકુશ પર્વતમાળાની નજીક સ્થિત છે, જે ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટોના અથડામણ ક્ષેત્રમાં આવે છે. ભારતીય પ્લેટ દર વર્ષે ૩૯ મીમીની ઝડપે યુરેશિયન પ્લેટ તરફ આગળ વધી રહી છે, જેના કારણે આ પ્રદેશમાં વારંવાર ભૂકંપની પ્રવૃત્તિઓ થાય છે. આ ભૂકંપનું કેન્દ્ર માત્ર ૮-૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું, જેને છીછરા ભૂકંપ માનવામાં આવે છે. છીછરા ભૂકંપમાં, ઊર્જા સપાટી પર ઝડપથી પહોંચે છે, જેના કારણે વધુ વિનાશ થાય છે. આ ઉપરાંત, હિન્દુકુશ ક્ષેત્રમાં ચમન ફોલ્ટ, હરી રુડ ફોલ્ટ અને પામિર થ્રસ્ટ ફોલ્ટ જેવી સક્રિય ફોલ્ટ લાઈનો હાજર છે, જે ભૂકંપનું જોખમ વધારે છે.

અફઘાનિસ્તાનમાં મોટાભાગની ઈમારતો, ખાસ કરીને ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં, માટીની ઈંટો, કાદવ અને લાકડાથી બનેલી છે. આ માળખા ભૂકંપ-પ્રતિરોધક નથી અને હળવા ધ્રુજારી સાથે પણ તૂટી પડે છે. જલાલાબાદ જેવા શહેરી વિસ્તારોમાં પણ, ઈમારતો મોટાભાગે ઈંટ અને કોંક્રિટથી બનેલી હોય છે, પરંતુ તેમની ગુણવત્તા ઘણીવાર નબળી હોય છે. નબળા બાંધકામ ધોરણો અને ભૂકંપ-પ્રતિરોધક ડિઝાઈનના અભાવને કારણે મધ્યમ ભૂકંપ પણ ભારે નુકસાન પહોંચાડે છે.

કુનાર અને નંગરહાર જેવા પર્વતીય વિસ્તારોમાં ભૂસ્ખલન અને અવરોધિત રસ્તાઓ બચાવ કામગીરીને અત્યંત મુશ્કેલ બનાવે છે. ભૂકંપ પછી ભૂસ્ખલનને કારણે ઘણા રસ્તાઓ અવરોધિત થયા હતા, જેના કારણે રાહત ટીમો અને ભારે મશીનરી દૂરના ગામડાઓ સુધી પહોંચી શકતી ન હતી. હેલિકોપ્ટર ઘાયલોને બહાર કાઢવામાં મદદ કરી રહ્યા છે, પરંતુ આ પૂરતું નથી. અફઘાનિસ્તાન પહેલાથી જ ગરીબી, દુષ્કાળ અને ખાદ્ય સંકટનો સામનો કરી રહ્યું છે. તાલિબાન શાસન પછી આંતરરાષ્ટ્રીય સહાય અને આર્થિક પ્રતિબંધોમાં ઘટાડો થવાથી દેશમાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે. વીજળીનો અભાવ, બંધ બજારો અને અપૂરતી તબીબી સુવિધાઓએ ભૂકંપ પછી રાહત કામગીરીને જટિલ બનાવી દીધી છે. વધુમાં, મહિલાઓ અને બાળકો આપત્તિથી સૌથી વધુ પ્રભાવિત થયા છે, અને રોગચાળાનું જોખમ પણ વધ્યું છે.

### ભારતે અમેરિકા સાથે રહેવું જોઈએઃ નવારો

# PM મોદી, પુતિન અને જિનપિંગની મુલાકાતથી અમેરિકા ભડક્યું

**વડાપ્રધાન મોદી એસસીઓ સમિટ દરમિયાન જિનપિંગ સાથે જોવા મળ્યા હતા વળી, પુતિન પણ મોદી સાથે જોવા મળ્યા હતા આ બંને વચ્ચે લાંબી વાતચીત થઈ હતી**

નવીદિલ્હી, તા.૨

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે (૧ સપ્ટેમ્બર) ચીનમાં શાંઘાઈ સહયોગ સંગઠન દરમિયાન રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી હતી.
જ્યાં બંને વચ્ચે ખાસ બેઠક પણ થઈ હતી. જોકે, અમેરિકાને આ મીટિંગથી તકલીફ થઈ રહી છે. ટ્રમ્પને ટ્રેડ એડવાઈઝર પીટર નવારોએ આ મામલે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, ભારતે અમેરિકાની સાથે રહેવું જોઈએ, ન કે રશિયા સાથે.

એક અહેવાસ અનુસાર, પીટર નવારોએ કહ્યું કે, ’ભારતે અમારી સાથે રહેવું જોઈએ, ન કે રશિયા સાથે. વડાપ્રધાન મોદી ચીનના પ્રમુખ શી જિનપિંગ અને રશિયાના પ્રમુખ પુતિન સાથે કામ કરી રહ્યા છે, આ યોગ્ય નથી.’ નોંધનીય છે કે, વડાપ્રધાન મોદી એસસીઓ સમિટ દરમિયાન જિનપિંગ સાથે જોવા મળ્યા હતા. વળી, પુતિન પણ મોદી સાથે જોવા મળ્યા હતા. આ બંને વચ્ચે લાંબી વાતચીત થઈ હતી. જોકે, આ મામલે અમેરિકા નારાજ થઈ ગયું છે.

પીટર નવારોએ ભારત પર વધારાના ટેરિફ મુદ્દે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, ’ભારત સાથે બે પ્રકારની તકલીફ છે અને આ જ કારણે ટેરિફ લગાવવામાં આવ્યો છે. પહેલું તે અનફેર ટ્રેડ કરે છે. જેના કારણે ૨૫ ટકા ટેરિફ લાદવામાં આવ્યો અને બીજું રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરી છે. આ કારણે પણ ૨૫ ટકા ટેરિફ લગાવવામાં આવ્યું છે.’

નવારોએ કહ્યું કે, ભારત, યુક્રેન યુદ્ધને વધારી રહ્યું છે. તેમણે કહ્યું કે, રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદે છે અને રશિયા પોતાની કમાણી યુદ્ધમાં લગાવી રહ્યું છે. નોંધનીય છે કે, રશિયા અને યુક્રેન વચ્ચે મહીનાઓથી યુદ્ધ ચાલી રહ્યું છે પરંતુ, હજુ સુધી આ મામલે કોઈ સમાધાન નથી થઈ શક્યું. પ્રમુખ ટ્રમ્પ તરફથી પણ આ અંગે પ્રયાસ કરવામાં આવ્યા હતા. તેમણે પુતિન અને ઝેલેન્સ્કી સાથે બેઠક કરી હતી.

# અમરેલી જિલ્લાના ઈશ્વરીયા ગામની પ્રાથમિક શાળા : એક શ્રેષ્ઠ સરકારી શાળાનો આદર્શ મોડેલ






અમરેલી જિલ્લાની અંદર આવેલ ઈરીયા ગામની પ્રાથમિક શાળાએઆજેસમગ્રજિલ્લામાંઅનોખી ઓળખ મેળવી છે. સામાન્ય રીતે સરકારીશાળાઓઅંગેલોકોનીમાન્યતા એરહીછેકેત્યાંઅભ્યાસનું સ્તર નબળ હોયછે,સુવિધાઓઓછાહોયછેઅને બાળકોનેયોગ્યમાર્ગદર્શનમળતુંનથી. પરંતુ ઈરીયા ગામની આ પ્રાથમિક શાળાએ તમામ માન્યતાઓને ખોટી સાબિત કરી દીધી છે. આજે આ શાળ ામાં માત્ર ઈરીયા ગામ જ નહીં, પરંતુ અમરેલી શહેર સહિતજિલ્લાનાવિવિધ વિસ્તારોમાંથી પણ વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે આવે છે. આ વાત એનો પુરાવો છે કેસરકારીશાળાઓ પણ યોગ્ય પ્રયત્ન, સંચાલન અને શિક્ષકોના શ્રેષ્ઠ કાર્યથી ખાનગી શાળાઓને ટક્કર આપી શકે છે. ઈરીયા ગામના વિદ્યાર્થી વામજા જયરાજે જણાવ્યું કે તેઓ હાલ ધોરણ આઠમાં અભ્યાસ કરે છે અને પોતાની જ શાળાને જિલ્લા સ્તરે શ્રેષ્ઠ શાળ ા ગણાવે છે. તેમનું કહેવું છે કે શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે સુમેળભર્યું વર્તન કરે છે, તેમને સમજાવીને અને પ્રોત્સાહિત કરીને અભ્યાસ શીખવાડે છે. માત્ર પુસ્તકીજ્ઞાન પૂરતું નહીં પરંતુ સંગીત, રમતગમત, કોમ્પ્યુટર શિક્ષણ અને આધુનિક ટેબલેટ દ્વારા ટેકનોલોજી આધારિત શિક્ષણ પણ આપવામાંઆવેછે. આ કારણે બાળકોમાં અભ્યાસ પ્રત્યે રસ વધે છે અને તેમના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થાય છે. બીજી તરફ અમરેલી શહેરની વિદ્યાર્થિની ગઢાદરા રીધીનો અનુભવ પણ અનોખો છે. તેઓ પોતે શહેરમાં રહેતાં હોવા છતાં દરરોજ ઈરીયા ગામે આવી અભ્યાસ કરે છે. તેમની સાથે અમરેલી શહેરની અનેક છોકરીઓ અને છોકરાઓએ પણ ખાનગી શાળાઓ છોડીને ઈરીયા પ્રાથમિક શાળાની પસંદગી કરી છે. રીધીના જણાવ્યા મુજબ, શાળાની અંદરનું વાતાવરણ ખૂબ જ ઉત્તમ છે. શિક્ષકો વિદ્યાર્થીઓને પરિવારના સભ્યની જેમ માર્ગદર્શન આપે છે. અભ્યાસમાં આનંદ આવે છે અને સ્પર્ધાત્મક વાતાવરણ હોવા છતાં મિત્રતા અને સહકારનું માહોલ ટકાવી રાખવામાં આવ્યો છે. ઈરીયા પ્રાથમિક શાળાના આચાર્ય પરેશ ગાંગડીયાએ જણાવ્યું કે દર વર્ષે આ શાળ ામાં પ્રવેશ લેવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓ તરફથી ભારે માંગ રહે છે. શાળ ાની અંદર હાલ ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, જેમાંથી આશરે ૩૦૦ વિદ્યાર્થીઓ અમરેલી શહેર અને આસપાસના વિસ્તારોમાંથી આવે છે. આથી સાબિત થાય છે કે શાળાની લોકપ્રિયતા ગામની સીમાઓને પાર કરીને સમગ્ર જિલ્લામાં પ્રસરી ગઈ છે. શિક્ષકોની પ્રતિબદ્ધતા અને સકારાત્મક અભિગમ આ શાળાની સફળતાનું મુખ્ય કારણ છે. અહીં શિક્ષકો માત્ર પાઠ્યક્રમ પૂરતો જ શિક્ષણ આપતા નથી પરંતુ બાળકોના આંતરિક ગુણો, તેમની કળા, રમતગમતમાં રસ અને ટેકનોલોજીનો ઉપયોગ શીખવાડીને સર્વાંગી વિકાસ પર ભાર મૂકે છે. અભ્યાસ સાથે બાળકોને વિવિધ સ્પર્ધાઓમાં પણ ભાગ લેવડાવવામાં આવે છે જેથી તેઓ આગળના જીવનમાં આત્મવિસપૂર્વક પ્રગતિ કરી શકે. સરકારી શાળા હોવા છતાં ઈરીયા પ્રાથમિક શાળામાં આધુનિક શિક્ષણની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અહીં કોમ્પ્યુટર લેબ, પ્રોજેકટર આધારિત શિક્ષણ, સ્માર્ટ કલાસરૂમ અને ટેબલેટ દ્વારા શીખવાની પદ્ધતિ અપનાવવામાં આવી છે. સાથે જ સંગીત અને રમતગમત જેવી પ્રવૃત્તિઓને પણ મહત્વ આપવામાં આવે છે. બાળકો માત્ર અભ્યાસમાં જ નહીં પરંતુ વિવિધ ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા પ્રદર્શિત કરી શકે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ઈરીયા ગામની આ શાળાની લોકપ્રિયતા પાછળ ગામના લોકો અને વાલીઓનો સહયોગ પણ મહત્વપૂર્ણ છે. ગામના આગેવાનો, વાલીઓ અને ગ્રામજનો શિક્ષકો સાથે મળીને શાળાના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહે છે. શાળ ાના કાર્યક્રમો, ઉત્સવો અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ગ્રામજનોની સક્રિય હાજરી રહે છે. આ કારણે શાળા ગામના સમાજજીવનનો અગત્યનો ભાગ બની ગઈ છે. ઈરીયા પ્રાથમિક શાળા આજે અમરેલી જિલ્લામાં સરકારી શાળાઓ માટે એક આદર્શ બની ગઈ છે. જયાં સામાન્ય રીતે ખાનગી શાળાઓને પ્રાધાન્ય આપવામાં આવે છે, ત્યાં વાલીઓ પોતાના બાળકોને ખાનગી શાળાઓમાંથી કાઢીને આ સરકારી શાળામાં દાખલ કરાવે છે. એ વાત સાબિત કરે છે કે જો શિક્ષકો પ્રતિબદ્ધ હોય, યોગ્ય સંચાલન હોય અને આધુનિક સુવિધાઓ સાથે શિક્ષણ આપવામાં આવે તો સરકારી શાળ ાઓ પણ ઉત્તમ પરિણામ આપી શકે છે. ઈરીયા પ્રાથમિક શાળાએ માત્ર શિક્ષણનું કેન્દ્ર નથી પરંતુ બાળકોના ભવિષ્ય નિર્માણનું મંદિર છે. અહીંથી ભણેલા વિદ્યાર્થીઓ ભવિષ્યમાં સમાજને નવી દિશા આપે તેવો વિસ ગામના લોકો અને સમગ્ર જિલ્લામાં ઉભો થયો છે. આ કારણે ઈરીયા ગામની પ્રાથમિક શાળા અમરેલી જિલ્લાના ગૌરવ સમાન બની ગઈ છે.

### વિઘ્નહર્તા ગણેશજીની સવારી નીકળી

## જાફરાબાદમાં વિવિધ સાત દિવસીય ગણપતિનું ભકિતભાવપૂર્વક વાજતે ગાજતે વિસર્જન

### ગણપતિ બાપ્પા મોરિયાના નાદથી દરિયા કિનારો ગુંજી ઉઠયો




જાફરાબાદ, તા. ૨

ગણેશભક્તોદ્વારાવિઘ્નહર્તા દેવને અશ્રુભીની આંખે વિદાય મહાઆરતી આરાધના બાદ દુંદાળાદેવને અશ્રુભીની વિદાય અપાઈ જાફરાબાદના વિવિધ ગૃપ તથા ખારવા વાડમાં ઘરે ઘરે ગણેશજીની સ્થાપના જુદા જુદા સ્થળોએ વિવિધ ગૃપ દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આજરોજ ભક્તિભાવ સાથે સાત દિવસના ગણેશોત્સવ સંપન્ન આસ્થાભેર ગણેશજીનું સમુદ્રમાં રંગે ચંગે વિસર્જન કરાયું હતું. શહેરમાં અલગ-અલગ સ્થળોએ ગણેશજીની મૂર્તિઓનું સ્થાપન કરાયું હતું. સાત દિવસ સુધી ભાવિકોએ આરતી પ્રસાદનો લાવો માણ્યો હતો. ગણેશ મહોત્સવ દરમિયાન રાસગરબા સહિત અનેક વિવિધ ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરાઈ હતી. આજરોજ જુદા જુદા વિસ્તારોમાંથી ગણેશ વિસર્જન યાત્રાઓ નીકળી હતી. ડીજેના તાલ સાથે મોટી સંખ્યામાં ભાવિકો વિસર્જન યાત્રામાં જોડાયા હતા. વિઘ્નહર્તા ગણેશજીની આરતી ઉતારી તેમજ પૂજા અર્ચના કરી બાપ્પા ને ભક્તિ ભાવનું ભોજનનું ભાતું બાંધી બોટ મારફતે વિઘ્નહર્તા બાપ્પાને દરિયામાં લઈ જવામાં આવ્યા હતા અને મહિલાઓ અને બાળકો દ્વારા શ્રીજીને અશ્રુભીની આંખે વિદાય સાત દિવસનું આતિથ્ય માણી મોંઘેરા મહેમાન શ્રીજીને ભક્તોએ ગણપતિ બાપ્પા મોરિયા અગલે બરસ તુ જલ્દી આના ભક્તોએ ભારે હૈયે બાપ્પાને વિદાય અપાઈ હતી.

### જિલ્લા પંચાયત સદસ્ય દુધાતની માંગ

## લીલીયા મોટાનાં રેલ્વે સ્ટેશન ઉપર નવુ પ્લેટફોર્મ બનાવો

### સાસંદ સુતરીયાને પત્ર પાઠવ્યો

લીલીયા, તા. ૨

લીલીયા મોટા રેલવે સ્ટેશન પર નવું પ્લેટફોર્મ બનાવવા બાબત સાંસદ ભરતભાઈ સુતરીયાને પત્ર પાઠવતા જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત જે પત્રમાં જણાવેલ કે અમરેલી જીલ્લાના લીલીયા રેલ્વે સ્ટેશન પર એક પ્લેટ ફોર્મ કાર્યરત છે અને લીલીયા રેલ્વે સ્ટેશન પર પેસેન્જર ટ્રેન અપડાઉન ચાલે છે પરંતુ જયારે પેસેન્જર ટ્રેનનું લીલીયા રેલ્વે સ્ટેશન પર ક્રોસીંગ થાય છે ત્યારે પેસેન્જરોને હાલના પ્લેટફોર્મની સામેની બાજુમાં પ્લેટફોર્મ વગર ઉતારવામાં આવે છે અને રેલ્વે લાઈન ઓળ ગીં મુશ્કેલ છે તેમજ હાલના પ્લેટફોર્મની ઉંચાઈ ૩ ાા ફુટ છે જેથી મહિલાઓ, બાળ કો, વિકલાંગ, દર્દીઓ તથા વયો વૃધ્ધ લોકોને રેલ્વે સ્ટેશનથી બહાર નિકળવામાં ખુબ જ અગવડતા પડે છે અને પીપાવાવ પોર્ટથી આવતી માલગાડીની અવર-જવર વધારે હોવાથી અકસ્માત થવાની શકયતાઓ છે જેથી મહિલાઓ, બાળકો, વિકલાંગ, દર્દીઓ તથા વયો વૃધ્ધ લોકોના હિતને ધ્યાનમાં રાખી લીલીયા રેલ્વે સ્ટેશન પર નવુ પ્લેટ ફોર્મ બનાવવા માંગ કરેલ છે.

## અમરેલી : માતૃશ્રી મોંઘીબા મહિલા કોલેજનું ગૌરવ




અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલીત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલીની વિદ્યાર્થીની બહેનોએ કલા મહાકુંભમાં તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ ભાગ લીધેલો. જે અંતર્ગત T.Y. B.A.ની વિદ્યાર્થીની પઠાણ સુનેરાએ જિલ્લા કક્ષાના કલા મહાકુંભમાં ગઝલ શાયરી લેખન સ્પર્ધામાં દ્વિતિય નંબર પ્રાપ્ત કરી તેમજ કલા મહાકુંભમાં તાલુકા કક્ષાએ એક પાત્રિય અભિયમાં F.Y. B.A.ની વિદ્યાર્થીની ભીસરીયા ગાયત્રીએ પ્રથમ નંબર પ્રાપ્ત કરી કોલેજને ગૌરવ અપાવેલ છે. આ બંને વિદ્યાર્થીની બહેનોને કોલેજ પરિવાર તેમના ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવે છે.

### કૃષિમંત્રીને પત્ર પાઠવવામાં આવ્યો

## અમરેલીનાં ગામોનો કૃષિ રાહત પેકેજમાં સમાવેશ કરો : સંઘાણી

### ૭૨માંથી ૪ ગામની થઈ બાદબાકી

અમરેલી, તા. ૨

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર લખી રજૂઆત કરી હતી એમાં જણાવ્યું હતું કે, ઓકટોબર ૨૦૨૪માં ભારે વરસાદ થયો હતો જેમાં ધરતીપુત્રોને વ્યાપક નુકશાની થયેલ હતું. જેની કૃષિ રાહત પેકેજમાં અમરેલી તાલુકાના ૬૮ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જે બદલ ભાજપ સરકારનો આભાર વ્યકત કરૂ છું. આ ઉપરાંત આપને વિનંતી કરૂ છું. કે અમરેલી તાલુકાના શંભુપરા, માળીલા, પ્રતાપપરા અને સોનારિયા ચાર ગામો બાકી રહે છે. જેને કૃષિ રાહત પેકેજમાં સમાવેશ કરી અને આ ગામોના ખેડૂતોને પણ લાભ મળે તેવી માંગ કરેલ છે.

### ગાયત્રી પરિવાર દ્વારા સેવાકાર્ય

## ચલાલા ખાતે આગામી ૧૦ સપ્ટેમ્બરનાં રોજ સર્વરોગ નિદાન કેમ્પનુ આયોજન

### જરૂરિયાતમંદોને લાભ લેવા અનુરોધ

ચલાલા, તા. ૨

ચલાલા-વિવિધ સેવાકીય કર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૧૦/૯/૨૦૨૫ બુધવારના રોજ ૨૮૨મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.

સ્વ.હંસાબેન રામજીભાઈ ભાયાણીની યાદમાં ભાયાણી પરિવાર યુ.કે. ના આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વગેરેની સારવાર વિનામુલ્યે કરવામાં આવશે.

સર્વરોગ કેમ્પમાં તમામ તમામ પ્રકારના રોગો જેવા કે ાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો, વગેરેની સારવાર કરી દવા પણ વિનામુલ્યે આપવામાં આવશે.

ઉપરોકત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે કેમ્પમાં ઉપરોકત તમામ સારવાર વિનામુલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભ લે તેવું સંસ્થાના વડા પૂ. સંત ડો.રતિદાદાએ જણાવાયું છે.

## સાવરકુંડલા : જે.વી. મોદી હાઈસ્કુલના વિદ્યાર્થીઓની સિધ્ધી



સાવરકુંડલા, તા. ૨

અમરેલી મુકામે જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ યોજાઈ ગયો. જેમાં સાવરકુંડલા શહેરમાં આવેલ જે.વી. મોદી હાઈસ્કુલના વિદ્યાર્થીઓ જે તાલુકા કક્ષાએ પ્રથમ આવ્યા હતા તેમણે ભાગ લીધો હતો. સુગમ સંગીત સ્પર્ધામાં શાળાના ધોરણ ૧૨ના વિદ્યાર્થી ચૌહાણ શાહ નવાજ જિલ્લા કક્ષાએ પ્રથમ આવેલ તેમજ શાળાના માનદ શિક્ષિકા અલ્પાબેન રાવળ, કાવ્ય લેખન સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. તેમજ ચિત્ર સ્પાર્ધામાં બગડા સુજલે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. આ સ્પર્ધકોને શાળાના સંગીત શિક્ષક સંજયભાઈ મહેતા દ્વારા તૈયારી અને માર્ગદર્શન કરવામાં આવ્યું હતું. હવે આગામી દિવસોમાં આ સ્પર્ધકોને ઝોન કક્ષાએ અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ સિધ્ધીઓને નુતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી, કનુભાઈ ગેડિયા અને મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચાએ બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી.


# અમરેલી જિલ્લાના મરચી ખેડુતની વ્યથા : યાર્ડમાં ૪ થી ૬ રૂપિયાનો ભાવ, જાહેર બજારમાં ૫૦ થી ૭૦ ખેડુત પાયમાલ








અમરેલી જિલ્લાનો ખેડૂત આજે એક વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. મહેનતપૂર્વક પાક ઉગાડયા બાદ પણ બજારમાં યોગ્ય ભાવન મળતા ખેડૂતોને નુકસાન ભોગવવું પડી રહ્યું છે. ખાસ કરીને મરચીનું વાવેતર કરનારા ખેડૂતો માટે હાલની પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક બની ગઈ છે. અમરેલી જિલ્લાના ઈશ્વર્યા ગામના ખેડૂત લાલિતભાઈ વામજાએ પોતાની બે વીઘા જમીનમાં મરચીનું વાવેતર કર્યું છે. પાક તૈયાર થતાં તેઓ મરચા માર્કેટિંગ યાર્ડમાં વેચવા ગયા. પરંતુ યાર્ડમાં મરચાનો ભાવ માત્ર એક કિલો દીઠ ૪ થી ૬ રૂપિયા મળતો હતો. આટલો ઓછો ભાવ સાંભળીને ખેડૂત નિરાશ થઈ ગયા. લાલિતભાઈએ જણાવ્યું કે હાલની પરિસ્થિતિમાં ખેડૂતને કોઈ સહારો નથી. જો આવનારા સમયમાં લાલ મરચાંનો ભાવ પણ ન મળે તો હાલ કરતા વધુ નુકસાન વેઠવું પડશે. પોતાના મરચાંના ઉત્પાદનનો યોગ્ય ભાવ ન મળતા તેમણે લોકોથી અપીલ કરી કે જે કોઈને મરચાં ખાવા હોય તે સીધા ખેતરમાં આવી મફતમાં મરચાં લઈ જઈ શકે. ખેડૂત મિનિષભાઈ વામજાએ પણ પોતાની વ્યથા વ્યક્ત કરી. તેમણે જણાવ્યું કે માર્કેટિંગ યાર્ડમાં ભાવ મળતા નથી. જયારે જાહેર ખુલ્લા બજારમાં મરચાંના ભાવ ૫૦ થી ૭૦ રૂપિયા કિલો બોલાઈ રહ્યા છે. ખેડૂત માટે આ મોટો અન્યાય છે. મિનિષભાઈએ પોતાના અનુભવ પ્રમાણે જણાવ્યું કે મરચીના પાકમાં પ્રતિ વિઘે આશરે ૩૫,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયો છે. તેમાં મોંઘા બિયારણ, ખાતર, દવા અને મજૂરીનો સમાવેશ થાય છે. પરંતુ હાલ પાકમાંથી માત્ર ૧૫,૦૦૦ રૂપિયાની આવક થઈ છે. આ રીતે ખેડૂતોને ભારે નુકસાન થઈ રહ્યું છે. પાકમાં મહેનત, ખર્ચ અને જોખમ બધું જ ખેડૂત ઉઠાવે છે, પરંતુ ભાવ ન મળ વાથી તેઓને આર્થિક સંકટનો સામનો કરવો પડે છે. યાર્ડ અને ખુલ્લા બજારના ભાવમાં તફાવત ખેડૂતોનો આક્ષેપ છે કે માર્કેટિંગ યાર્ડમાં વેપારીઓ મરચાંના ઓછા ભાવ આપે છે. જયારે એ જ મરચાં ખુલ્લા બજારમાં મોંઘા ભાવે વેચાય છે. આ તફાવતને કારણે ખેડૂતોને પોતાના જ ઉત્પાદનના યોગ્ય ભાવે વેચાણ કરવાનો હક મળતો નથી. ખેડૂત માને છે કે જો સરકાર દ્વારા યોગ્ય આધારભૂત કિંમત નક્કી કરવામાં આવે અથવા સીધી ખરીદીની વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો ખેડૂતોને રાહત મળ ે. હાલની સ્થિતિમાં ખેડૂતોની મહેનતનું મૂલ્ય ન મળતા તેઓ નિરાશ થઈ રહ્યા છે. મોંઘા બિયારણ, ખાતર, દવાઓ અને મજૂરીના ખર્ચને લીધે ખેડૂતો પાકમાંથી મલામાલ થવાને બદલે પાઈમાલ થઈ રહ્યા છે. આવક કરતાં ખર્ચ વધારે થતા ખેડૂતો દેવાના ભાર હેઠળ આવી રહ્યા છે. ખેડૂતોના કહેવા મુજબ, જો આવી સ્થિતિ યથાવત રહેશે તો આગામી સિઝનમાં મરચીનું વાવેતર કરવામાં ખેડૂતો કચકાશ કરશે. અમરેલી જિલ્લાના મરચી ઉત્પાદક ખેડૂતો હાલ મુશ્કેલીમાં મુકાયા છે. યાર્ડમાં ન્યાયસંગત ભાવ ન મળતા, ખુલ્લા બજારના ભાવમાં તફાવતથી ખેડૂતોના ભવિષ્ય પર પ્રશ્નચિન્હ ઊભા થયા છે. ખેડૂતોની માંગ છે કે સરકાર અથવા સંબંધી વિભાગો તાત્કાલિક પગલાં ભરે, નહીં તો મહેનતુ ખેડૂતોને પાકનું યોગ્ય મૂલ્ય ન મળતા તેમની હાલત વધુ ખરાબ થશે.

# અમરેલીમાં ગણપતિ મહોત્સવમાં દુંદાળા દેવની આરાધના સાથે રાષ્ટ્રચેતના ઉજાગર થઇ




અમરેલીમાં ગણપતિ મહોત્સવમાં દુંદાળા દેવની આરાધના સાથે રાષ્ટ્રચેતના ઉજાગર થઈ રહી છે. શહેરના ફોરવર્ડ સર્કલ પાસેના સિનિયર સિટીઝન પાર્ક ખાતે સેવાકીય સંગઠન સારહિ યુથ ગ્રુપ દ્વારા ખાસ ભારતીય સેનાના પરાક્રમને દર્શાવતા અને ઓપરેશન સિંદૂરની થીમ ઉપર વિશેષ ગણપતિ મહોત્સવ ઉજવાય રહ્યો છે. ભારતીય સેનાના સન્માનમાં ઓપરેશન સિંદૂરની થીમ ઉપર આયોજિત આ ગણેશ પંડાલમાં સેનાના જવાનો, ફાઈટર પ્લેન બ્રહ્મોસ સહિતની મિસાઈલના પ્રતિકૃતિ સ્વરૂપ કટઆઉટ મુકવામાં આવ્યા છે, જે ભગવાન ગણેશજીના દર્શને આવતા ભાવિકોમાં નવી રાષ્ટ્રચેતના જગાવે છે અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ બળવત્તર પણ બનાવે છે. અહીં આવતા યુવા દર્શનાર્થીઓ ગણપતિ દાદાના ભાવપૂર્વક દર્શન કરવાની સાથે ભારતીય સેનાના પરાક્રમમાંથી પ્રેરણા પણ મેળવી રહ્યા છે. સરહી યુથ ગ્રુપના ખજાનચી તરીકે સુરેશભાઈ શેખવા જણાવે છે કે, દર વર્ષે સરહી ગ્રુપ દ્વારા ગણેશ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે, આ વર્ષે ખાસ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઓપરેશન સિંદૂર ચલાવ્યું અને તેમાં ભારતીય સેનાના જવાનોએ પરાક્રમ કરી બતાવ્યું છે, તેની વિશેષ ઝાંખી આ વર્ષના ગણેશ ઉત્સવમાં પ્રદર્શિત કરવામાં આવી છે. ભારતીય સેનાના જવાનોએ દુશ્મન દેશના આંતકીઓના ઠેકાણાઓને નાસ્તોનાબૂદ કરીને સમગ્ર વિને ભારતીય તાકાતનો પરિચય કરાવ્યો છે, સાથે જ વિએ બ્રહ્મોસ મિસાઈલ સહિતના સ્વદેશી હથિયારોની તાકાત પણ બતાવી છે. તેમણે કહ્યું કે, અહીં ઓપરેશન સિંદૂરની થીમ ઉપર સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવે છે, આમ, ઓપરેશન સિંદૂરની ઝાંખી કરાવતો ગણેશ પંડાલ દેશપ્રેમની ભાવનાને વધુ પ્રબળ પણ બનાવે છે. ઉપરાંત તેમણે ગુજરાત સરકારની ગણેશ પંડાલ પ્રતિયોગિતાને પણ આવકારદાયક ગણાવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી એસ. ટી. ડેપોનાં ર ડ્રાઈવર

ખસેડવામાં આવ્યા છે.

તાજેતરમાં એસ.ટી. સેન્ટ્રલ ઓફિસ દ્વારા આ ત્રણેય કર્મચારીઓની નડીયાદ, જૂનાગઢ અને રાજકોટ ડીવીઝનમાં બદલી કરવામાં આવી હતી. આ બદલી વહિવટી કારણોસર કરાયાનું એસ.ટી.એ જણાવ્યું હતું.

પરંતુ ત્રણેય કર્મચારીએ એવું જણાવ્યું હતું કે તેઓ બે માસ પહેલા કર્મચારીઓને થતા અન્યાય બાબતેના આંદોલનમાં જોડાયા હતા. આથી તેમની સાથે રાગદ્વેષ રાખી આ બદલી કરવામાં આવી હતી. તેઓ તે સમયે અન્ય સામાજિક કાર્યકરો સાથે કર્મચારીઓને થતા અન્યાય અંગે રજૂઆત કરવા ડી.સી. સમક્ષ ગયા હતા. ત્યારબાદ તેમની બદલી કરવામાં આવી હતી. આ ઘટનાના એસ.ટી. કર્મચારી વતુળમાં ઘેરા પડઘા પડયા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં ગાવડકા રોડ ઉપર

બંડલ કોથળામાં પેક રીંગ, ઈલીક્ટ્રીક મોટર નંગ–૬, ઈલેકટ્રીકટેન્શનટાવરની મોટર નંગ ૧, દેડકો પાણીની મોટર નંગ ૧, પાણી છાટવાની મોટર નંગ ૧ જેટલો સામાન જે તમામની કિમત અંદાજે રૂ.૯૦,૦૦૦નો ચોરી કરી લઈ ગયાની અમરેલી તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાય હતી.

જે અન્વયે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ઓ.કે. જાડેજાની રાહબરી હેઠળ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનની અલગ–અલગ ટીમો બનવી અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં લગાવવમાં આવેલ અલગ–અલગ સી.સી.ટી.વી. કેમેરાની મદદથી તથા એ.એસ.આઈ જી.બી. લાપા તથા પો.કોન્સ. હાજુભાઈ કનુભાઈની ચોક્કસ બાતમી હકીકતના આધારે અમરેલીના રોકડિયાપરામાં રહેતા જગદીશ કરમશીભાઈ વાઘેલા, સાહીલ રમેશભાઈ સોલંકી, ભાવેશ કાનજીભાઈ સોલંકી, સંજય કરમશીભાઈ પરમાર તથા સંજય રમેશ પ્રજાપતી નામના પાંચ આરોપીને ચોરીમાં ગયેલ લોખંડના વાઈબ્રેટર નંગ ર જેની કિમત રૂા.૧૨,૦૦૦, લોખંડની વેલ્ડીંગ પેટી નંગ–૨ જેની કિમત રૂા.૧૧,૦૦૦, લોખંડની ઈલેક્ટ્રીક મોટર નંગ ૬ જેની કિમત રૂા.૨૪,૦૦૦, લોખંડની દેડકો પાણીની મોટર નંગ–૧ જેની કિમત રૂા.૪,૦૦૦, ઈલેકટ્રીક કેબલ વાયર આશરે ૫૦ કિ.ગ્રા જેની કિમત રૂા.૫૦૦૦, લોખંડનો ભંગાર આશરે ૩૦ કિ.ગ્રા જેની કિમત રૂા.૧૦૫૦, બોલેરો પીક અપ વાહન નં. જી.જે.–૧૪–એકસ–૭૯૪૫ જેની કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦ મળી કુલ ૫,૫૭,૦૫૦ ના મુદામાલ સાથે આરોપીને ઝડપી લઈ ગુન્હાનો ભેદ ઉકેલવામાં અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનને સફળતા મળેલ છે.

આ બનાવમાં હજુ નાસતા ફરતા આરોપી રાજુ કાનજીભાઈ પરમાર, મનોજ ઉકાભાઈ સોલંકીની પોલીસે શોધખોળ આદરી છે.

## પાના ૧ ઉપરનું ચાલું 3 સિંહો લટાર મારતા જોવા મળ્યા

મળતા, પરંતુ હવે તેઓ સીધા ગામની સરહદે આવી પહોંચતા જણાઈ રહ્યા છે.

વન વિભાગને આ અંગે જાણ કરવામાં આવી છે અને અધિકારીઓએ ગ્રામજનોને રાત્રિ દરમિયાન બહાર ન નીકળવાની તથા સાવચેતી રાખવાની સલાહ આપી છે.

આ સમગ્ર ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યુ છે કે અમરેલી જિલ્લામાં સિંહનું સામ્રાજય હવે ગામોની બાજુએ સુધી વ્યાપી રહ્યું છે. પ્રકૃતિના આ વિરાટ શાસકને નજીકથી જોવાનું દ્રશ્ય લોકોમાં રોમાંચ પેદા કરે છે, પરંતુ સાથે સાથે સુરક્ષા અંગે ચિંતા પણ ઊભી કરે છે.

## પાના ૮ ઉપરનું ચાલું વીજળી રાણીનાં રૂસણા

છે તેમજ ગુરૂવારે પણ લાઈટ કાપ અડધો દિવસ કરે છે છતાં ભુતનાથ ફીડરમાં અઠવાડિયામાં આડેધડ ગામે ત્યારે લાઈટ કાપ થાય છે, ઝટકા મારે છે, લો વોલ્ટેજ થાય છે. આ બાબતે ચેમ્બર ઓફ કોમર્સ પણ પીજીવીસીએલના ડેપ્યુટી એન્જિનિયર મહિડાને અગાઉ પણ આ બાબતે રજૂઆત કરેલ પરંતુ કોઈ પણ જાતનો ફરક ન પડતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. હાલ ગણપતિ ઉત્સવ, નોરતા તેમજ દિવાળીના તહેવાર નજીક હોય ત્યારે હજુ પણ આવી મુશ્કેલીનો સામનો કરવો પડશે તેઓ વેધક સવાલ બગસરાની પ્રજામાં લોકમુખે ચર્ચાઈ રહ્યો છે.

## પાના ૧ ઉપરનું ચાલું સીમરણમાં ''આખલા''નાં આતંકથી

આપતા નથી, પરંતુ ખેતીને પણ મોટી અસર પહોંચાડી રહ્યા છે. સીમરણ ગામ ખારાપાટ વિસ્તાર ગણાય છે. અહીં માત્ર ચોમાસાની સિઝનમાં જ પાક લેવો શકય બને છે. તે પણ કપાસ જેવા મુખ્ય પાકને આખલાઓ વારંવાર ચરી જતા હોવાથી ખેડૂતોને ભારે નુકસાન સહન કરવું પડે છે. ઘણા ખેડૂતોની મહેનત પાણીમાં જાય છે અને તેઓ આર્થિક રીતે પછાત થઈ રહ્યા છે.

આ ત્રાસથી કંટાળીને સીમરણ ગામના લોકોએ આજે ગ્રામ પંચાયત ખાતે એકત્ર થઈ 'કિસાન બચાવો', 'જય જવાન જય કિસાન' જેવા નારા સાથે સરપંચને આવેદનપત્ર પાઠવ્યું. આવેદનપત્રમાં ગ્રામજનોની વ્યથા રજૂ કરવામાં આવી છે.

આખલાઓના કારણે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે., ગામમાં બાળકોની સલામતી જોખમાઈ છે., ખેતીમાં ભારે નુકસાન થાય છે., કોઈપણ ક્ષણે અકસ્માત સર્જાય તેવી ભીતિ લોકોમાં છે.

સ્થાનિક રહેવાસી ભરત સાવલિયા, ભાનુભાઈ ચોડવડીયા અને અરવિંદ ચોડવડીયાએ પોતાની પીડા વ્યકત કરતા જણાવ્યું કે હવે પરિસ્થિતિ અસહ્ય બની ગઈ છે. ઘરની બહાર જવું હોય ત્યારે પણ લોકો હાથમાં લાકડી લઈને નીકળે છે. ખેડૂતોએ તો કહ્યું કે, આખલાઓને કારણે ખેતી કરવી અશકય જેવી બની ગઈ છે.

આ મુદ્દે સીમરણ ગ્રામ પંચાયતના સરપંચ શૈલેષ ચોડવડીયાએ પણ ગામલોકોની રજૂઆતને ગંભીરતાથી સ્વીકારી. તેમણે ખાતરી આપી કે આ ત્રાસ સામે યોગ્ય પગલાં ભરાશે અને જિલ્લા તેમજ તલાટી મથક સુધી રજૂઆત પહોંચાડવામાં આવશે.

વિશેષ વાત એ છે કે, એક તરફ ગીર–બૃહદ ગીર વિસ્તારના ગામોમાં સિંહોના આતંકને કારણે રાત્રે ગામની ગલીઓ સુમસામ જોવા મળે છે. ત્યાં બીજી તરફ સીમરણ ગામમાં દિવસ દરમિયાન જ આખલાઓના ત્રાસને કારણે શેરીઓ સૂમસામ દેખાઈ રહી છે. લોકોના રોજિંદા જીવન પર તો અસર પડી જ છે, પણ ખેડૂતોની મહેનત અને જીવન જીવીકા પર સૌથી મોટો આંચકો લાગી રહ્યો છે.

હવે જોવાનું એ રહ્યું કે તંત્ર કેટલા સમયમાં આ સમસ્યાનો ઉકેલ લાવે છે. શું સીમરણ ગામના લોકોએ માગેલી સુરક્ષા અને રાહત તેમને મળશે કે નહીં? આખલાઓના આ ત્રાસમાંથી ગામને કયારે મુકિત મળશે, તે તો સમય જ કહેશે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં હાડકાતોડ માર્ગથી

રાજય સરકાર તરફથી પણ કરોડો રૂપિયાની સહાય મળતી હોવા છતાં કરોડો રૂપિયા કયાં ગાયબ થાય છે તે તપાસનો વિષય છે.

શહેરના રહેણાંક ઉપર, જાહેર માર્ગો પર ઠેક ઠેકાણે ગાબડાની શહેરીજનોને ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બન્યુ છે હેડ પોસ્ટ ઓફીસનાં દરવાજા સામે ૬ મહિનાથી માર્ગ ઉપર મહાકાય ખાડાઓ જોવા મળે, તો જુના પોલીસ સ્ટેશન નજીક, સાંસ્કૃતિક હોલનાં કોર્નર, જુના માર્કેટયાર્ડ રોડ, જિલ્લા પંચાયત રોડ, સહિત અનેક રાજમાર્ગો પર ખાડાને લીધે અકસ્માતની ઘટના બનતી હોવા છતાં પણ પાલિકાનાં શાસકો માર્ગની મરામત કરતા ન હોય શહેરીજનો પાલિકાની ચુંટણીમાં ભાજપને મત આપીને પસ્તાવો કરતા જોવા મળી રહયા છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં હનુમાનપરામાં માર્ગમાં

પણ વરસાદમાં કામગીરી બંધ રાખવામાં આવી હતી.

આ મુદ્દે અમરેલી પાલિકાના અધિકારીએ જણાવ્યું કે, સીટી સર્વે વિભાગ દ્વારા દરેક વિસ્તારમાં રોડની હદ નક્કી કરવા માટે માપણી કરવામાં આવી રહી છે અને તે કામગીરી પૂરી થયા પછી ફરીથી અમરેલી પાલિકા સહિતના વહીવટી તંત્ર દ્વારા સામૂહિક રીતે દબાણ હટાવ ઝૂંબેશ શરૂ કરવામાં આવશે. આ કામગીરી પૂરી થતા હજુ કેટલાક દિવસો લાગે તેવી શકયતા છે.

બીજી તરફ અમરેલીમાં દબાણો માટે છુટ્ટો દોર મળી ગયો હોય તેમ શહેમાં જયાં જુઓ ત્યાં લારીઓ રોડ પર ઊભી રહે છે. તેની સામે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી અને પોલીસ દ્વારા વારંવાર અમરેલી માર્કેટ યાર્ડ રોડ ઉપર આવેલી લારીઓ જ હટાવવામાં આવતી હોય છે.

## પાના ૮ ઉપરનું ચાલું અતિવૃષ્ટિ સહાયમાં બાદબાકી

વળતરમાં ખુબ મોટો અન્યાય થયેલ છે. જેથી પ્રતાપપરા ગામને લાગે વળગે ત્યાં સુધી પ્રતાપપરા આસપાસના ગામો અમરપુર વરૂડી, નાના આકડિયા, સાંગા ડેરી અને અમરેલીની મધ્યમાં પ્રતાપપરા ગામ આવતું હોય અને એક બીજા ગામોના સીમાડા અડોઅડ લાગીને આવેલ હોય આ બધા ગામોનું કુદરતી પાણી પણ પ્રતાપપરા ગામની સીમમાંથી જ પસાર થઈને ઠેબી ડેમમાં જતું હોય, તેવા સંજોગોમાં સૌથી વધારે નુકશાન પ્રતાપપરા ગામના ખેડૂતોને થયેલ છે.

તે સિવાયના ઉપરોકત પૈકીના ગામો ખારાપાટ વિસ્તારમાં આવતા હોય તે ગામોને અડીને આવેલ ગામોને પાક ધોવાણ નુકશાનીનું વળતર મળેલ છે. અને તેના નીચાણ વાળા વિસ્તારોમાં વધુ પાણી આવવાથી વધારે નુકશાન થયેલ છે. તેમ છતા ઉપરોકત ગામોને ઓકટોબર ૨૦૨૪ના વર્ષના પાક ધોવાણ નુકશાન સહાયમાંથી બાકાત રાખી તે ગામોના ખેડૂતોને ખુબ મોટો અન્યાય થયેલ હોય, તેવા સંજોગોમાં તેઓએ વિનંતી કરેલ છે કે, આ ગામોને સૌથી વધુ નુકશાન હોવા છતા આ ગામના ખેડૂતોને ઉપરોકત સહાયથી વંચિત રાખવામાં આવેલ છે.

જે અંગે જે તે સમયે જે સર્વે કરવામાં આવેલ તે ક્ષતિ પૂર્ણ અથવા તો સર્વેમાં બેદરકારી કે કિન્નાખોરી દાખવવામાં આવેલ હોય જેથી તેની ફેર તપાસ કરી અને જે તે એજન્સી કે અધિકારી દ્વારા ભૂલ કરેલ હોય તેની સામે તાત્કાલિક કાર્યવાહી કરી તેમજ ઉપરોકત ગામના ખેડૂતોને ન્યાય મળે તે માટે ખાસ કિસ્સામાં પાક ધોવાણ નુકશાન વળતર સહાય ચુકવવા માટે આપની કક્ષાએથી લગત વિભાગોને સત્વરે જરૂરી આદેશો થવા વિનંતી પણ અમર ડેરીના ચેરમેન અનિ સાવલિયાએ રાઘવજીભાઈ પટેલને પત્ર લખી જણાવેલ છે.

## અમરેલીની રૂપાયતન પ્રાથમિક શાળામાં યજ્ઞનુ આયોજન થયુ




અમરેલી, તા. ૨

અમરેલીની પર વર્ષથી કાર્યરત સંસ્થા એટલે સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતન સંચાલિત પી.એન. વોરા વિદ્યાનિકેતન પ્રાથમિક શાળામાં હાથ, હૃદય અને મસ્તકની તાલીમ, જ્ઞાન અપાય છે. જેના ભાગરૂપે ભારતના વૈદિકકાળમાં ગુરૂકુળોમાં પ્રતિદિન યજ્ઞ કરવામાં આવતો. અગ્નિને દેવ માની તેની પૂજા કરવામાં આવે છે. બાળકોમાં એ ભાવના પ્રગટે, અગ્નિનારાયણની પૂજાથી ઊર્જા પ્રાપ્ત કરવાના હેતુથી રૂપાયતન પ્રાથમિક શાળામાં દર રવિવારે યજ્ઞ કરવાનું નકકી કરેલ છે. તા. ૩૧/૮/૨૦૨૫ના રોજ સવારે ધો.૮નાં બાળકો, વર્ગ શિક્ષક ઉપસ્થિત રહ્યા હતાં. ગાયત્રીશકિતપીઠનાં ઉપાસક તથા અમરેલી ક્ષેત્રનાં પ્રમુખ બિપીનભાઈ ભરાડે યજ્ઞ સંપન્ન કરાવેલ. તેમની સાથે હર્ષાબેન પંચોલી તથા રવજીભાઈ કાચા ઉપસ્થિત રહયા હતાં.

યજ્ઞમાં દરેક વિદ્યાર્થીઓએ આહુતિ આપી યજ્ઞ નારાયણની પૂજા કરી હતી. આરતી બાદ પ્રસાદ લઈ સૌ છૂટા પડયાં હતાં, એમ આચાર્ય આરતીબેન ચાંપાનેરીની યાદીમાં જણાવેલી છે.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરાનાં સમઢીયાળા ગામે

હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હાલ યુવકની તબિયત અંગે તબીબો સતત નિરીક્ષણ રાખી રહ્યા છે.

આ ઘટના બાદ ગામજનોમાં ભારે રોષ જોવા મળ્યો છે, કારણ કે સમઢીયાળા સહિત અમરેલી જિલ્લાના અનેક વિસ્તારોમાં વારંવાર ભટકતા પશુઓના કારણે નાગરિકોને જીવલેણ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. અગાઉ પણ આવી ઘટનાઓ બની હોવા છતાં પૂરતી કાર્યવાહી ન થતા લોકોમાં અસંતોષ વ્યાપી રહ્યો છે.

ગામજનો તંત્રને વારંવાર અપીલ કરી રહ્યા છે કે રસ્તા પર ભટકતા પશુઓને પકડીને સુરક્ષિતસ્થાને રાખવા માટે તાત્કાલિક અસરકારક પગલાં લેવાં જોઈએ, જેથી આવનારા સમયમાં આવા બનાવો ફરી ન બને.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૮૫ | ૧૦૧૦ |
| ૨ | શિંગ મોટી | ૭૮૦ | ૧૨૩૦ |
| ૩ | શિંગદાણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૯૦૦ | ૧૧૦૫ |
| ૫ | તલ સફેદ | ૧૦૭૦ | ૨૩૦૦ |
| ૬ | તલ કાળા | ૨૪૦૦ | ૪૬૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૭૫૫ | ૧૯૯૫ |
| ૮ | બાજરો | ૩૫૨ | ૫૯૦ |
| ૯ | જુવાર | ૩૯૦ | ૭૮૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૮૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૧૫ | ૫૭૩ |
| ૧૨ | મકાઈ | ૫૮૧ | ૫૮૧ |
| ૧૩ | મગ | ૧૦૬૧ | ૧૬૩૦ |
| ૧૪ | ચણા | ૮૬૦ | ૧૧૨૫ |
| ૧૫ | ચણા દેશી | ૧૧૪૬ | ૧૧૪૬ |
| ૧૬ | સફેદ ચણા | ૯૦૨ | ૧૧૧૭ |
| ૧૭ | તુવેર | ૧૦૧૦ | ૧૧૯૯ |
| ૧૮ | કપાસ | ૯૨૨ | ૧૫૬૦ |
| ૧૯ | એરંડા | ૧૧૬૫ | ૧૨૬૧ |
| ૨૦ | જીરૂ | ૨૮૨૬ | ૩૫૬૬ |
| ૨૧ | રાય | ૧૪૨૫ | ૧૪૪૫ |
| ૨૨ | ધાણા | ૯૬૦ | ૧૩૨૫ |
| ૨૩ | મેથી | ૭૯૦ | ૯૧૫ |
| ૨૪ | સોયાબીન | ૭૭૦ | ૮૫૧ |
| ૨૫ | રજકાનું બી | ૨૦૦૦ | ૬૫૨૫ |
| ૨૬ | વરીયાળી | ૧૧૧૧ | ૧૧૧૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | – | ૧૦૪૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૬૦ | ૧૯૨૪ |
| ૩ | તલ કાળા | ૩૭૦૦ | ૪૫૭૩ |
| ૪ | જીરૂ | ૩૩૦૦ | ૩૬૦૧ |
| ૫ | કપાસ | ૯૦૦ | ૧૬૦૩ |
| ૬ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૫૭ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૦ |
| ૮ | બાજરો | ૩૨૩ | ૫૨૫ |
| ૯ | મગ | ૧૩૫૦ | ૧૪૨૧ |
| ૧૦ | અડદ | – | ૧૪૫૧ |
| ૧૧ | ચણા | ૯૫૧ | ૧૦૮૧ |
| ૧૨ | તુવેર | ૧૦૫૦ | ૧૧૬૦ |
| ૧૩ | એરંડી | – | ૧૨૬૦ |
| ૧૪ | મેથી | ૬૫૧ | ૭૫૦ |
| ૧૫ | ધાણા | ૭૦૦ | ૧૦૦૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૦૦ | ૧૧૦૫ |
| ૨ | મગફળી | ૯૩૪ | ૯૩૪ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૫૫ | ૫૪૬ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૫૬ | ૫૧૬ |
| ૩ | સોયાબીન | ૫૦૦ | ૮૦૦ |
| ૪ | ચણા | ૬૦૦ | ૧૦૭૦ |
| ૫ | મગફળી | ૩૦૦ | ૫૬૫ |
| ૬ | ચણા સફેદ | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૭ | તલ સફેદ | ૧૩૯૦ | ૧૫૨૦ |
| ૮ | મગ | ૯૦૦ | ૧૧૦૦ |
| ૯ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | બાજરો | ૩૭૦ | ૩૭૦ |
| ૧૧ | શીંગફાડા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | અડદ | ૮૦૦ | ૮૯૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૧૭ | ૧૫૮૦ |
| ૨ | મગફળી | ૧૦૧૦ | ૧૦૪૦ |
| ૩ | તલ સફેદ | ૧૫૨૦ | ૧૮૦૦ |
| ૪ | જીરૂ | ૨૮૧૦ | ૩૬૯૦ |
| ૫ | ઘઉં | ૪૫૫ | ૫૩૫ |
| ૬ | ચણા | ૯૯૦ | ૧૧૦૦ |
| ૭ | મગ | ૧૨૨૦ | ૧૪૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૦૦ | ૯૭૧ |
| ૨ | તલ સફેદ | ૧૫૮૦ | ૧૮૯૬ |
| ૩ | તલ પીળા | ૧૮૩૧ | ૧૯૬૯ |
| ૪ | બાજરો | ૩૯૦ | ૫૯૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૫૯૧ |
| ૬ | જુવાર | ૪૪૧ | ૭૫૮ |
| ૭ | અડદ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૮ | ચણા | ૧૦૦૧ | ૧૧૫૦ |

# ૧૮ મી નવેમ્બર ૧૯૬૨ ની એ ઘટના... દસ દસ કો એક ને મારા ફિર અપની જાન ગવાઈ

# ચીન સાથેના યુદ્ધમાં રેજાંગલા સરહદે બનેલી ૧૨૦ વીર આહીર જવાનોનાં પરાક્રમની શૌર્ય અને બલિદાનની અમર ગાથા


## ૧૨૦ આહીર જવાનોએ ૧૩૦૦ થી વધુ ચીની સૈનિકોને મોતને ઘાટ ઉતાર્યાને ૪૦૦ ને ઘાયલ કરી પોતે શહીદી વહોરી હતી


## રેજાંગલા માં 'આહીર ધામ' રૂપે ૧૧૪ સૈનિકોની પુષ્પ સમાધી સ્મારક તેની સાક્ષી પુરે છે

## ૧૮ મી નવેમ્બરના આ દિવસને સમગ્ર દેશનો આહીર (યાદવ) સમાજ 'આહીર' શૌર્ય દિવસ' તરીકે ઉજવે છે.


## ૫૬ ની છાતી વાળા આ આહીર જવાનો એ સામી છાતીએ ૨૦-૨૦ ગોળીઓથી વિંધાઈને શહીદી વહોરી હતી, કોઈએ પીઠ બતાવીને હાર સ્વીકારી ના હતી.



























૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ભારત દેશ આઝાદ થયો. આ આઝાદી અપાવવામાં અનેક ભારતીયોનો ફાળો છે. આઝાદી બાદ ભારતના પાડોશી દેશોની કરતુતોને કારણે સરહદો સતત સેળગતી રહી છે. આ સરહદોમાં ભારતનો સૌથી છૂપો અને ભયાનક દુશ્મન દેશ એ ચીનને માનવામાં આવે છે. ૧૯૬૨માં ભારત અને ચીન વચ્ચેના યુદ્ધમાં ભારતનો પરાજય થયો પરંતુ ચીન સાથેની અમુક સરહદો પર ભારતીય સેનાના જવાનોના પરાક્રમ, સાહસ અને શોર્યતાના કારણે ચીની સેનાની પીછે હઠ થઈ અને દેશના સીમાડા પર દેશના સૈનિકોના પરાક્રમથી ચીની સૈનિકોને મોતને ઘાટ ઉતારીને માતૃભૂમિના રક્ષણ કાજે પોતાના પ્રાણની આહુતિ આપી દેશ માટે બલિદાન આપ્યા હતા. આ પરાક્રમ, શોર્ય અને બલિદાનનો ઉજળો ઈતિહાસ એ ચીન સાથેના યુદ્ધમાં દેશની લદાખ પાસેની રેજાંગલાની સરહદી ભુમી પર બનેલી ઘટનાથી ઈતિહાસના પાને કંડારાઈ હતી. આ ઘટના એ દેશના સીમાળા સાચવી માતૃભૂમિની રક્ષા કાજે પોતાના પ્રાણના બલિદાનની આહુતિ આપી બનેલી ઘટના હોવાથી આહીર સમાજ સાથે સમગ્ર દેશ ગર્વ લઈ શકે તેવી પરાક્રમ, શોર્યતા, વીરતા અને દેશપ્રેમથી છલકતી પ્રેરણાદાયક ઘટના છે. ૧૯૬૨ના ચીન સાથેના આ યુદ્ધમાં ભારત પર ચીની સૈન્ય ચડાઈ સાથે હલ્લા બોલ કરી હુમલાઓ કરે છે ત્યારે એ સમયે ચીન સામે ભારતની તાકાત ઓછી હોવાથી ચીનના સૈન્ય સામે ભારતની સેના પોતાની માતૃભૂમિની રક્ષા કાજે આપણા સૈન્ય પાસેના ઉપલબ્ધ સાધનોથી કયાંક પરાજીત થયા તો કયાંક વિજય મેળવવા અંતિમ ાસ સુધી લડયા હતા. ચીની સરહદ પર હિમાલય પર્વતની પર્વત માળાઓ વચ્ચે લદાખ વિસ્તારમાં સમુદ્ર સપાટીથી ૧૬૦૦૦ ફુટ ઉંચે આવેલાં બાર્ફીલા પહાડી વિસ્તાર એવા રેજાંગલામાં ભારતીય સેનાની તેર કુમાવ રેજિમેન્ટના ૧૨૦ આસપાસ સૈનિકોની એક બટાલિયન અહીં દેશની રક્ષા કાજે યુદ્ધ સમયે ફરજ પર તૈનાત કરવામાં આવી હતી. આ બટાલિયનના મેજર શૈતાનસિંહ ભાટી હતા. જયારે તેમાં મોટાભાગના સૈનિકો હરિયાણાના રેવાડાના વાલ વિસ્તારનાો અને બીજા રાજસ્થાનના ો હતા.આ હરિયાણાના આહીરવાલ વિસ્તારના લોકો પોતાની પરંપરાગત નશલથી જાણીતા છે. તે હુષ્ટ પુષ્ટ શરીર અને કદ અને કાઠીમાં કદાવર શરીર બાંધા વાળા હોય છે જે એક સાથે એકથી વધુ લોકો સાથે બાથ ભીડી શકે તેવા મજબૂત બાંધાના હોય છે. આ આહીર જવાનો તે સમયે કુમાવ રેજિમેન્ટની આ બટાલિયનમાં સૈનિક તરીકે પોતાની ફરજ દેશની સરહદ પર નિભાવી રહ્યા હતા. ૧૮ નવેમ્બર ૧૯૬૨ને રવિવારના વહેલી સવારે ૩ઃ૩૦ વાગ્યાં આસપાસ ચિનની પીપુલ્સ લિબરેશન આર્મી દ્વારા આ લદાખની રેજાંગલા સરહદે તૈનાત આ કુમાવ રેજિમેન્ટ પર ૩૦૦૦થી વધુ સૈનિકો અને ભારે શસ્ત્રો સાથે પુરી તૈયારીથી ભારતમાં ઘુસવા માટે હુમલો કરવામાં આવ્યો હતો. આ સમયે ભારત ચીન સામેના યુદ્ધમાં પરાજય તરફ હતુ અને આ રેજાંગલા સરહદે આ તેર કુમાવ રેજિમેન્ટની આ બટાલિયનમાં મેજર શૈતાનસિંહ ભાટી સાથે ફકત ૧૨૦ આસપાસ જવાનો હતા. આ હુમલા સમયે સેનાની આ બટાલિયનના મેજર શૈતાનસિંહ ભાટીને ચિનની આટલી મોટી ફોજ સામે પોતાની બટાલિયનના સૈનિકો સાથે બાથ ભીડવી અશક્ય અને ખુબ મુશ્કેલ હોવાથી તેમને આસપાસના આર્મી હેડકવાટર પાસે સૈન્ય અને હથિયારની મદદ માંગી હતી પરંતુ તે સમયની યુદ્ધથી ઘેરાયેલા ભારતની આ સરહદની પરિસ્થિતીમાં કોઈ મદદ મળ વી મુશ્કેલ હતી. ત્યારે આવી કપરી સ્થિતિમાં દેશની આર્મી દ્વારા આ બટાલિયનના મેજરને સરહદ પરથી પીછે હઠ કરવાનુ જણાવવામાં આવે છે પરંતુ મેજર શૈતાનસિંહ ભાટી અને તેની બટાલિયનના વીર આહીર જવાનોમાં દેશપ્રેમ, શોર્યતા અને શૂરવીરતા જાણે તેમની માતાના ધાવણમાંથી જ ભરી ભરીને રગે રગમાં ઉતાર્યો હોય તેમ તે પીછે હટ કરવા કોઈ તૈયાર ના હતા. આજ અવસર આયા હે માં ભોમ કે લિયે કુરબાની દેને કા.... દુશ્મન કો મારેંગે ફિર મરેંગે તો ભી પીઠ નહિ દિખાયેગે....ના સૂત્ર મુજબ દુશ્મનો સામે લડી લેવાની પુરી તૈયારી હતી. આ સમયે મેજરને તેના સૈનિકોના પરાક્રમ અને દેશદાજ પર ભરોષો હોવાથી તે તમામ જવાનોને બોલાવી પૂછે છે કે હેડ ક્વાટર્સથી આપણી આ બટાલિયનને સરહદ છોડીને પીછેહટ કરવાનો સંદેશો આવ્યો છે શું કરવુ છે ? દેશની સરહદ છોડી હાર સ્વીકારી પીછેહટ કરવી છે કે પછી દેશની રક્ષા કાજે બલિદાન આપી સીમાડા સાચવવા અંતિમ ાસ સુધી ચીની સેના સામે લડવુ છે. આ સમયે મેજરશૈતાન સિંહ ભાટીની કુમાવ રેજિમેન્ટના આ વીર આહીર જવાનો એક સુરે જવાબ આપે છે કે આથી મોટો માઁ ભોમની રક્ષા કરવાનો અવસર કયો હોય શકે ? માઁ ભોમની રક્ષા કાજે પીછેહટ મંજુર નથી... ભારત માતા કી જય ના જયઘોષ સાથે લડેંગે....જીતેગે...ના નારા સાથે મેજર શેતાનસિંહ ભાટીની આગેવાનીમાં ચીની સેનાના ૩૦૦૦ જેટલા સૈનિકો સામે ૧૨૦ આસપાસ આહીર જવાનો એ બાથ ભીડી આ સમયે ચીની સેના પાસે પૂરતો દારૂ ગોળો, આધુનિક હથિયાર અને મોટા પ્રમાણમાં સેનાના જવાનો હતા જયારે ભારત પાસે તેની સામે લાડવા અને ટકવા માટે કોઈ ખાસ વ્યવસ્થા હતી નહિ તો બીજી બાજુ ૧૬૦૦૦ મીટરની ઉંચાઈ ઉપર હિમાલયની હિમશીલાઓમાં આવેલાં આ રેજાંગલા બોર્ડર વિસ્તારમાં એ સમયે બરફ વર્ષાથી માયનસ ડિગ્રી તાપમાન અને ઠંડા પવનો સામે રક્ષણ મેળવવાં માટે પૂરતા ગરમ વસ્ત્રો કે પૂરતી સુવીધાઓ પણ ના હતી. પીવાનુ પાણી પણ બરફ થઈ જતુ હોવાથી તે ગરમ કરી પીવું પડે તેવી સ્થિતિ હતી તેવા સમયે ભારતીય સેનાના આ જવાનોની રગ રગમાં દોડતું લોહીના કણ કણમાં દેશદાજ ભરેલી હોવાથી એ ગરમ હોવાથી ચીની સેના સામે જોમ અને જુસ્સાથી લડયા હતા. આ જવાનો પાસે લડતા લડતા અંતે હથિયાર ખૂટતા તેમને પોતાની ગોળી વગરની રાયફલોના છરાથી કોઈ લડયા, તો કોઈ હાથો હાથ લડી ચીની જાવાનોના ઉભા બે ફાડા કરે તેમ લડ્યા હરિયાણાના કદાવર આહીર સૈનિકોએ ચિનના સૈનિકોને બંને હાથે ઉપાડીને સામ સામે એના માથા ભટકાવીને મોતને ઘાટ ઉતાર્યો હતો. આ કુમાવ રેજિમેન્ટના મેજર શૈતાનસિંહ ભાટી અને તેના ૧૨૦ આસપાસ આહીર જવાનો એ ચીન સાથે બાથ ભીડી અને ભારતના એક જવાને ચીની સેનાના દસ દસ જવાનોને મોત ને ઘાટ ઉતાર્યા અને ૧૩૦૦ થી વધુ સૈનિકોને આ રેજાંગલા સરહદે આ ૧૨૦ આસપાસના પરાક્રમી આહીર જવાનોએ પોતાની તાકાતથી માર્યા હતા. આ ઘટનાની નોંધ લઈને દેશવાસીઓને આ જવાનોની વીરતા અને પરાક્રમ ઉજાગર કરવા દેશના કવિઓએ પોતાની કલમથી દેશભકિત ગીત લખ્યું હતુ એ મેરે વતન કે લોગો જરા યાદ કરો કુરબાની... દસ દસ કો એક ને મારા ફિર અપની જાન ગવાઈ.... આ દેશભકિત ગીત લખાયા અને ગાવાયા છે. આ ઘટના કોઈ પાસે સાંભળીએ કે વાંચીએ અને તેની કલ્પના કરીએ તો પણ આપના રોમ રોમ ઉભા થઈ જાય એવી આ ઘટનામાં આ જવાનોના શોર્ય, પરાક્રમ અને જુસ્સો જોઈ ચીની સેનાએ પીછે હઠ કરવાની ફરજ પડી અને આ યુદ્ધમાં તેર કુમાવ બટાલિયનના મેજર શૈતાનસિંહ ભાટી સહિત કુલ ૧૧૭ જવાનો શહીદ થયા હોવાનુ મનાય છે જેમા ૧૧૪ આહીર જવાનો માઁ ભોમની કાજે અંતિમ ાસ સુધી લડી શહીદ થયા. આ યુદ્ધ દરમ્યાન સમગ્ર બટાલિયનમાં અમુક ગણ્યા ગાંઠયા બે ચાર જવાનો જ ગંભીર ઈજાઓ સાથે જીવિત બચ્યા હતા. તેઓએ આ માતૃભૂમિ કાજે પોતાના પ્રાણની આહુતિ આપી શહીદી વહોરનાર વીર જવાનોના પરાક્રમની કહાની જે પોતાની નરી આંખે જોયેલી છે તે લોકો અને લેખકો સુધી પહોંચાડી હતી. તો યુદ્ધ બાદ ના તે ભુમીના દ્રશ્યો પરથી પણ અનેક ગાથાઓ લખવામાં આવી છે જેમા આ સમગ્ર રેજાંગલા યુદ્ધમાં આ બહાદુર જવાનોના પરાક્રમ પર ખુદ ચીની સેનાને પણ કહેવું પડયું હતુ કે આવા શૂરવીર જવાનો કે જેને પોતાની માતૃભુમીની રક્ષા કાજે તેમની દેશદાજ અમે કોઈ જવાનોમાં જોઈ નથી. લડતા સમયે એ જવાનોનો દેશ પ્રત્યેનો જુસ્સો જોઈ કોઈ પણ ડરી જાય તેવી રીતે એ લડયા હતા. આ યુદ્ધમાં જીવિત બચેલા બે જવાનો નિહાલસિંહ યાદવ અને રામસીંહ યાદવએ આહીર રેજિમેન્ટની ચળવળમાં એક મીડિયા ઈન્ટરવ્યૂમાં એ સમયની યુદ્ધની વાત જણાવતા કહ્યું હતુ કે અમે બે રહેમિથી ઘાયલ થયા હતા પણ જે સૈનિકો શહીદ થયા છે તેને હથિયાર ખૂટતા બંધુકોને હાથના હથિયાર બનાવી લડયા હતા તો આ જવાનો એ ચીની સૈનિકોને ઉપાડી સામ સામે ભટકાવીને માર્યા હતા એોની તાકાત જોઈ દુશમનો પણ પીછેહટ કરતા થયા હતા અને રેજાંગલા સરહદેથી ચીની સેનાને ભારતમાં ઘુસવાનો પ્લાન કામયાબ બનાવી તેની યુદ્ધ રણનીતિ ચોપાટ કરી હતી અને ચીની સેન્યનુ મનોબળ તોડ્યું હતુ આ ફકત આ વીર આહીર જવાનોના પરાક્રમ ના કારણે શક્ય બન્યું હતુ. આ બટાલિયનના મેજર શૈતાન સિંહ ભાટીના રેડિયો વાયરલેશ ઓપરેટર રામચંદ્ર યાદવે જે ૯૦ વર્ષની આસપાસની ઉંમરે હાલ જીવિત છે તેને ભારતમાં બની રહેલી ફિલ્મ ''૧૨૦ બહાદુર''ને આ યુદ્ધની કહાની કીધી હતી. તેના એક મીડિયા ઈન્ટર્યુમાં આ જીવિત જવાન રામચંદ્ર યાદવ એ જણાવ્યું હતુ કે એ યુદ્ધના સમયને હું યાદ કરૂ તો પણ મારા રોમ રોમ ઉભા થઈ જાય છે અને મારી હૃદય કંપી ઉઠે છે અને આખો આશુઓથી ભરાઈ જાય છે. મેં મારી સાથે એક જ થાળીમાં ભોજન લેનારા મારા અનેક ભાઈઓને ત્યારે શહીદ થતા જોયા છે પરંતુ મને એ વાતનુ ગર્વ છે કે તેને ૧૩૦૦થી વધુ દુશ્મનોને માર્યા હતા તો ૪૦૦થી વધુ સૈનિકોને યુદ્ધ ના લડી શકે તેવી સ્થિતિમાં ઘાયલ કર્યા હતા. આ યુદ્ધની મહત્વની વાત એ છે કે ભારતીય સેનાના એક પણ જવાનની પીઠ પાછળ ગોળી વાગી નથી. આ તમામ જવાનો સામી છાતી એ લડયા હતા અને પોતાની છાતી પર ૨૦ – ૨૦ ગોળીઓ ખાઈને શહીદી વહોરી હતી કોઈએ પીઠ બતાવીને પોતાની માઁનુ ધાવણ લજાવ્યું ના હતુ પરંતુ તેને પીઠ ના બતાવીો અને દેશના સન્માનને બચાવ્યું હતુ. આ ૧૨૦ જાવાનોના પરાક્રમ અને માતૃભૂમિ પ્રત્યેની પોતાની નિષ્ઠા, વફાદારી અને દેશદાજનુ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે જે દેશની આર્મીના જવાનોને અને દેશ વાસીઓને આજે પણ પ્રેરણા આપે છે. આ લદાખના રેજાંગલા ''સરહદે'' આ સૈનિકોની શહાદતની યાદમાં એક શહીદ સ્મારક બનાવી માં ભોમને કાજે શહીદી વહોરનાર તમામ શહીદોની પુષ્પ સમાધી રૂપે એક ''અહિર ધામ'' બનાવવામાં આવ્યુ છે. જે આ ચીન સાથેના ૧૯૬૨ના યુદ્ધમાં રેજાંગલા સરહદે દેશના સીમાડા સાચવવા માટે શહીદી વાહોરનાર ોના પરાક્રમ આ ગાથાની સાક્ષી પુરે છે. આ યુદ્ધના પરાક્રમની ગાથાઓ પર સરકાર પણ આ તેર કુમાવ બટાલિયનના મેજર અને સૈનિકો ગર્વ કરી દેશની સેનાનું મારણોત્તર સર્વોચ્ચ સન્માન પરમવીર ચક્રથી શહીદ મેજર શૈતાન સિંહ ભાટી આપી તેમની દેશ પ્રત્યેની વફાદારી, દેશદાજને બિરદાવી હતી. તો આ યુદ્ધ સાથે જોડાયેલા અન્ય જવાનો જેમા નાયબ સુબેદાર હરિરામ, નાયબ સુબેદાર સુરજા, નાયક હુકમચંદ, નાયક ગુલાબસિંહ, નાયકસિંહરામ, સી.ના.આસ. ધર્મપાલસિંહને વીર ચક્ર મારણોત્તર સન્માન આપી સન્માનિત કરાયા હતા. તો હવાલદાર હરફૂલ સિંહને મારણોત્તર સેના મેડલ આપી સન્માનિત કરાયા હતા. દેશની સરકાર અને સેનાએ પણ આ વીર જવાનોના પરાક્રમની ઘટનાને મેડલથી સન્માનિત કરી તેનું મોમેરીયલ બનાવી કાયમી યાદીનુ સંભારણું દેશને આપ્યું છે. જેથી સમગ્ર દેશ આ વીર જવાનોની દેશ પ્રત્યેની વફાદારી અને દેશદાજ પ્રત્યે ગૌરવ લઈ શકે અને આવનારી પેઢીને આ દેશપ્રેમની ઘટનામાંથી પ્રેરણા લઈને માતૃભૂમિ પ્રત્યે પોતાની નિષ્ઠા અને કર્તવ્ય બાબતે સંદેશો આપી શકાય. આ શહીદ સ્મારક ''આહીર ધામ'' આજે હજારો લોકો લદાખ ટુર પર જાય છે ત્યારે મુલાકાત લઈને આ વીર જવાનોના ઈતિહાસને યાદ કરી તેમના પર ગર્વ કરે છે કે મારી માતૃભૂમિના આ જવાનો એ દેશ માટે પ્રાણ આપી દેશના સીમાડા સાચવ્યા હતા. આ ૧૧૪ વીર આહીર જવાનોની શહીદી કાજે સમગ્ર દેશનો આહીર સમાજ ૧૮મી નવેમ્બર ના દિવસને ''આહીર શોર્ય દિવસ'' તરીકે ઉજવે છે. દેશની સુરક્ષા માટે ભારતીય સેનામાં આ દેશમાં વસવાટ કરતા આહીર સમાજના યુવાનોનુ ખુબ મોટુ યોગદાન હતુ અને આજે પણ છે ત્યારે આહીર સમાજ દેશની સરકાર પાસે ઘણા વર્ષોથી આ રેજાંગલા યુદ્ધમાં શહીદી વહોરનાર જવાનોની શહાદતને સલામ કરી દેશની આર્મીમાં આહીર રેજિમેન્ટ બનાવવાની માંગ કરી રહી છે. દેશની સાંસદમાં પણ અનેક વાર આ મુદ્દે ચર્ચાઓ થઈ છે અનેક રાજકીય નેતાઓએ પણ આ બાબતે તત્કાલીન અને વર્તમાન સરકારને રજુવાતો કરી છે. ૧૮મી નવેમ્બર ૨૦૧૮ના દિવસે ગુજરાતના ગામડે ગામડેો એ અમદાવાદ આવી જે જીએમડિસી ગ્રાઉન્ડ ખાતે એક વિશાળ સંમેલન મળ્યું હતુ અને આહીર રેજિમેન્ટ હક છે અમારો આ સૂત્ર સાથે ભવ્ય કાર્યક્રમ આપી આહીર શોર્ય દિવસની ઉજવણી કરાઈ હતી.૧૮મી નવેમ્બર ૨૦૧૯માં રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે સ્વર્ગસ્થ મુખ્યમંત્રી વિજય રૂપાણની ઉપસ્થિતીમાં આ યુદ્ધમાં સહભાગી બનેલા જીવિત જવાનોનુ સન્માન કરીને ભવ્ય સંમેલન બોલાવી ફરી આહીર રેજિમેન્ટની માંગ સાથે આહીર શોર્ય દિવસની ઉજવણી કરાઈ હતી. ગુજરાતના સફળ આંદોલનકારી એવા જન અધિકાર મંચના પ્રમુખ પ્રવીણ રામ દ્વારા પણ સોમનાથના ભાલકા તીર્થ જે ોના ઈષ્ટદેવ શ્રી કૃષ્ણની દેહોર્ગ ભુમી એવા ભાલકા તીર્થથી દિલ્હી સુધી રેલી સ્વરૂપે આહીર રેજિમેન્ટની માંગ સાથેનો કાર્યક્રમ આપ્યો હતો. કોરોના કાળના કપરા સમયમાં સરકારની ગાઈડલાઈનનુ પાલન કરી કોઈ કાર્યક્રમના યોજી દરેકે પોતાના ઘરે દીપ પ્રગટાવી મેન પાડી શહીદોને શ્રદ્ધાંજલિ આપી આહીર રેજીમેન્ટની માંગ કરાઈ હતી. ત્યાર પાછીના વર્ષોમાં પણ અનેક વાર આ બાબતે જુદા જુદા રાજયોમાંથી આ બાબતે રજુવાત કરાઈ છે. હાલ આ ચળવળ વધુ તેજ બની છે અને આ શહીદોના માદરે વતનથી ફરી માંગને બુલંદ કરીને આ ચળવળ સાથે જોડાયેલું આહીર સમાજનું સંગઠન અખિલ ભારતીય યાદવ મહાસભા દ્વારા આ રેજાંગલાની પવિત્ર ભુમીની માટી (રજ) કે જેમા દેશના વીર જવાનોના લોહી રેડાયા છે તેના કણ કણમાં દેશપ્રેમની સુગંધ આવે છે તે રજ (માટી)નો એક કળશ જેને ''રેજાંગલા રજ કળશ'' નામ આપવામાં આવ્યુ છે આ યાત્રા સમગ્ર દેશમાં આ શહીદોને યાદ કરી તેના આ પરાક્રમ, વીરતા, દેશપ્રેમ અને શહીદીની સુગંધ સમગ્ર દેશના ગામડે ગામડે દરેક લોકો સુધી ફેલાવીને આ વીર જવાનોની શહીદી કાજે ભારતીય સેનામાં આહીર રેજિમેન્ટની માંગ સાથે પરીભ્રમણ કરી રહી છે જે સમગ્ર દેશનું ભ્રમણ કરી ૧૮મી નવેમ્બર આહીર શોર્ય દિવસના રોજ દિલ્હી ખાતે પહોંચશે અને આહીર રેજિમેન્ટની માંગને બુલંદ કરશે. આ કળ શ યાત્રા હાલ સૌરાષ્ટ્રના અમરેલી ખાતે ૪ની સપ્ટેમ્બરના રોજ પ્રવેશ કરતી હોય ત્યારે તેના સન્માનને વધાવવા સમગ્ર અમરેલી જિલ્લાના આહીર સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રાનુ આયોજન કરી સેનામાં રેજાંગલાના વીર જવાનોની યાદમાં ભારતીય સેનામાં આહીર રેજિમેન્ટની માંગને બુલંદ કરી કરવાનાં આ અવાજને વધુ મજબૂત કારી દેશના કાજે બલિદાન આપનાર વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપી આહીર સમાજના સેનામાં જોડાયેલા જવાનોના પરિવારને સન્માનિત કરવાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. જે સમગ્ર રાજયના વિવિધ જિલ્લાઓમા પણ યોજવાનો છે. આ તકે એક પત્રકાર અને લેખક તરીકે દેશની સરકારને મારી નમ્ર અપીલ છે કે આવનાર સમયમાં સમગ્ર દેશના લોકો, યુવાનો અને બાળકોમાં દેશપ્રેમની આવી મહાન ઘટનાઓ ઉજાગર કરવા માટે આ દિવસે દેશની તમામ શાળા, કોલેજોમાં ૧૮મી નવેમ્બરના દિવસની ઉજવણી કરી આ વીર જવાનોની શહીદીને યાદ કરી તેને શ્રદ્ધાંજલિ આપી દેશભકિતના કાર્યક્રમ આયોજિત કરવા જોઈએ સાથે આ જવાનોના પરાક્રમ, શોર્ય, વીરતા અને બલિદાનની ગાથાઓ શાળાના અભ્યાક્રમમાં દાખલ કરી દેશના બાળકોમાં દેશપ્રેમના બીજ રોપી આવનારી પેઢીને દેશસેવામાં જોડાવાની પ્રેરણા આપી શકાય આ જવાનોની શહીદીને ધ્યાને લઈને કોઈ સમાજના યુવાનો દેશની આર્મીમાં જોડાવા માટે ઉત્સાહિત હોય, દેશસેવા માટે સામે ચાલીને પોતાનું યોગદાન આપવા તૈયાર હોય ત્યારે સમગ્ર દેશના આહીર સમાજ માટે જે રેજિમેન્ટની માંગ કરાઈ રહી છે તે દેશની સેનામાં આહીર સમાજનું યોગદાન અને દેશ પ્રત્યે સેવા અને બલિદાન આપવાનો શુભ ઉદેશ્ય છે જે યોગ્ય માંગણી અને રજુવાત હોવાથી આહીર સમાજના વધુને વધુ યુવાનો સેના તરફ વળે તેવા શુભ આશયથી રેજિમેન્ટની માંગ સરકારે સ્વીકારી જ જોઈએ.

સંકલન અને લેખન : ડો. કિરીટ આર. જોટવા (પત્રકાર, વડિયા, અમરેલી)





## પાલિકાનાં શાસકોને શહેરીજનોની કોઈ ચિંતા થતી જ નથી

# અમરેલીમાં હાડકાતોડ માર્ગથી શહેરીજનો તોબા...તોબા

**છેલ્લા એકાદ વર્ષથી રહેણાંક વિસ્તાર ઉપરાંત જાહેર માર્ગો પણ બિસ્માર બનતા સૌ કોઈ તોબા...તોબા**

**હેડપોસ્ટ ઓફિસની નજીકથી પસાર થતાં માર્ગ ઉપર હજારો વાહનોની અવરજવર છતાં પણ પરેશાની**

**સાંસ્કૃતિક હોલનાં ખૂણા ઉપર એક વર્ષથી માર્ગ બિસ્માર છતાં કોઈને ચિંતા નથી**

**જિલ્લા પંચાયતનાં માર્ગ ઉપર પણ ઠેકઠેકાણે ભૂગર્ભ ગટરનાં લીધે માર્ગો બન્યા બિસ્માર**



અમરેલી, તા. ૨

અમરેલી એ રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી સ્વ. ડો. જીવરાજ મહેતાની જન્મભુમિ છે. જિલ્લાનું મુખ્ય મથક ઉપરાંત સુપ્રસિધ્ધ કવિ હંસ, કવિ રમેશ પારેખની જન્મ ભુમિ, ઉપરાંત રાજકીય, સામાજિક, આર્થિકક્ષેત્રે દેશમાં નામનાં મેળવનાર સમાજ શ્રેષ્ઠીઓની જન્મભુમિ અથવા તો કર્મભુમિ હોવા છતાં દોઢ લાખ ઉપરાંતની જનસંખ્યા પાલિકાની ગુનાહિત બેદરકારીથી ત્રાહીમામ પોકારી ચુકી હોય ધારાસભ્ય કે સાંસદ પણ પાલિકાની કાર્યશૈલી સામે હાથ જોડીને જવાબદારી માંથી છટકવાનો પ્રયાસ કરતા જોવા મળે છે.

અમરેલીમાં છેલ્લા ૩ મહિનાથી સતત વરસાદ થી બિસ્માર બનેલ માર્ગોની મરામત કરવાની કે મોરમ પાથરવાની કોઈ કામગીરી કરવામાં આવતી નથી. દર વર્ષે શહેરીજનો કરોડો રૂપિયા કરવેરા રૂપે પાલિકાની તિજોરીમાં જમા કરાવે છે,

અનુસંધાન પાના ૬ ઉપર

## પશુપાલકોને ૮૦૦થી વધારી ૮૧૦ ભાવ મળશે

# ખુશ ખબર : અમરેલીમાં અમર ડેરીએ પ્રતિ કિલો ફેટે રૂપિયા ૧૦નો વધારો કર્યો

**ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયાએ કર્યો નિર્ણય**

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘ સંચાલિત અમર ડેરીની બેઠક હતી. આ બેઠકમાં અમર ડેરીનાં સ્થાપક અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અને પુર્વ કેબિનેટ મંત્રી અને રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતીમાં અને અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલિયાની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકમાં વધતી જતી મોંઘવારી અને ખાણ દાણમાં થતા ભાવ વધારાને લઈને પશુપાલકોનું હિત ધ્યાને લઈ પશુપાલકો માટે પ્રતિ કિલો ફેટે રૂા. ૧૦ નો વધારો આપવા નિર્ણય કરાયો છે.

અમરેલી જિલ્લા દુધ સંઘ સંચાલિત અમર ડેરીમાં અગાઉ રૂપિયા ૮૦૦નો ભાવ હતો. તેમાં રૂપિયા ૧૦નો વધારો કરવામાં આવતાં ગત તા. ૧/૯ હવે પશુપાલકોને રૂા. ૮૧૦ ચુકવાશે. આ પશુપાલકોના હિતમાં લીધેલા નિર્ણયથી પશુપાલકોમાં ખુશી વ્યાપી જવા પામેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં સૈથી મોટી રોજગારી પુરી પાડતી આ અમર ડેરીમાં ખેડૂતો અને પશુપાલકોના હિતને ધ્યાને રાખી સમયાંતર જરૂરી નિર્ણયો અમર ડેરી દ્વારાકરવામાં આવતાં હોય છે.

## કોટડી ગામમાં રહેતા યુવકનું કારસ્તાન

# રાજુલાનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી તરૂણી અને તેના પિતાને મારી નાખવાની ધમકી

**સ્થાનિક પોલીસે ૨ વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૨

રાજુલા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક તરૂણીને રાજુલા તાલુકાના કોટડી ગામે રહેતા આરોપી ભાવેશભાઈ મનુભાઈ સોલંકી સાથે અગાઉ પ્રેમ સબંધ હતો. જે અંગેની જાણ તરૂણીના પિતાને થઈ જતાં તેણીએ આરોપી સાથેનો પ્રેમ સબંધ પુરો કરી નાખેલ હતો. તેમ છતાં આરોપી તેણીને અવારનવાર રસ્તા ઉપર સામા મળે ત્યારે ગાડીનું હોર્ન વગાડી અને તેણીને કહેતો હોય કે તું મારી સામુ જો તેમ કહી તેણીની છેડતી કરતો હોય તેમજ આ બનાવ બાબતે તેણીના પિતાએ આ બાબતે આરોપીના પિતાને ઠપકો આપેલ હતો.

જે વાતનું મનદુઃખ રાખી આરોપી ભાવેશ મનુભાઈ સોલંકી તથા રોહિતભાઈ રાઘવભાઈ બાંભણીયા ગત તા. ૩૧નાં રોજ બપોરનાં ૧ વાગ્યા દરમ્યાન તરૂણીના ઘરે તેણીનું બાવડુ પકડી નીચે પછાડી દઈ અને ફળીયામાં ઢસડીને શરીરે મુંઢ ઈજા કરી છેડતી કરી હતી. તેમજ તેણીના પિતા વચ્ચે પડતા આરોપીએ તેમને પણ ધકકો મારી નીચે પછાડી શરીરે મું ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## સિટી સર્વે દ્વારા માર્ગની હદ નક્કી થયા બાદ

# અમરેલીનાં હનુમાનપરામાં માર્ગમાં અડચણરૂપ દબાણોને દૂર કરાયા

**૨૨ દબાણોને જેસીબી વડે દૂર કરાયા**



અમરેલી, તા. ૨

અમરેલીના હનુમાનપરા વિસ્તારમાં નગરપાલિકા દ્વારા રોડ બનાવવા માટેની કામગીરી કરવાની હોવાથી પાલિકા દ્વારા ગઈકાલે હનુમાનપરા વિસ્તારમાં ૨૨ જેટલા દબાણો દુર કરવા માટે થઈ તેમનાં ઉપર બુલડોઝર ફેરવી દેવાયું હતું. અમરેલી શહેરમાં અગાઉ પણ દબાણો હટાવવા માટે નોટિસો અપાઈ છે. તે કામગીરી સીટી સર્વેની જગ્યામાં આવતી હોવાના કારણે પ્રક્રિયા હાલ બંધ રાખવામાં આવી છે. બીજી તરફ શહેરમાં જયાં જુઓ ત્યાં ચારો તરફ દબાણોનો રાફડો ફાટયો છે.

આ અંગેની વિગતો આપતા અમરેલી નગરપાલિકાના અધિકારી જણાવ્યું કે, અમરેલીના હનુમાનપરા વિસ્તારમાં નગરપાલિકા દ્વારા રોડ બનાવવા માટેની કામગીરી આગામી થોડા દિવસોમાં કરવામાં આવનાર છે.

આ માટે રોડ બનાવવામાં અડચણરૂપ હોય તેવા ઓટલા, છજા સહિતના ૨૨ જેટલા નાના મોટા દબાણો હટાવવા માટે અગાઉ નોટિસ આપ્યા બાદ ગઈકાલે સવારથી જ પાલિકાની ટીમ દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે બુલડોઝરની મદદથી આ દબાણો હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી અને કામગીરી સાંજ સુધી ચાલી હતી.

અમરેલીમાં આ અગાઉ પણ તંત્ર દ્વારા ૧૫૦૦ જેટલા દબાણોને નોટિસ આપવામાં આવી છે અને મેગા દબાણ હટાવ ઝુંબેશ શરૂ થવાની છે. આ પૈકી અમુક દબાણો હટાવાયા પણ હતા

અનુસંધાન પાના ૬ ઉપર

## અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયાની કૃષિમંત્રીને રજુઆત

# અમરેલીનાં પ્રતાપપરા, માળીલા, સોનારીયા અને શંભુપરાની અતિવૃષ્ટિ સહાયમાં બાદબાકી

**બેદરકાર અધિકારી સામે કાર્યવાહી કરવા માંગ**



અમરેલી, તા. ૨

અમરેલી તાલુકાના પ્રતાપપરા, માળીલા, સોનારીયા, શંભુપરા ગામના ખેડૂતોને ઓક્ટોબર ૨૦૨૪ના વર્ષમાં અતિવૃષ્ટિથી થયેલ પાક ધોવાણ નુકશાનના વળતરમાં થયેલ અન્યાયને દુર કરવા અને પાક ધોવાણ સહાયમાં વળતર આપવા આપવા અંગે અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલિયાએ રાઘવજીભાઈ પટેલને પત્ર લખી માંગ કરેલ છે.

તેઓએ પત્રમાં જણાવ્યું હતું કે, અમરેલી તાલુકાના પ્રતાપપરા, માળીલા, સોનારીયા, શંભુપરા ગામનો ઓકટોબર ૨૦૨૪ના વર્ષમાં અતિવૃષ્ટિના કારણે સૌથી વધુ નુકશાન થવા છતાં આ ગામના ખેડૂતોને પાક નુકશાન વળતરમાં સમાવેશ ન કરવાથી ઉપરોકત ગામના ખેડૂતોને પાક ધોવાણ

અનુસંધાન પાના ૬ ઉપર

## રખડતા પશુઓનો હાહાકાર

# બાબરાનાં સમઢીયાળા ગામે એક યુવક ઉપર પશુએ કર્યો હુમલો

**ઈજાગ્રસ્ત યુવકને સારવારમાં ખસેડાયા**

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં ફરી એકવાર રસ્તા પર ભટકતા પશુઓના આતંકની ઘટના સામે આવી છે. બાબરાના સમઢીયાળા ગામમાં એક યુવક પર અચાનક દોડતા પશુએ હુમલો કરતા તેને ગંભીર ઈજા પહોંચી છે. મળતી માહિતી અનુસાર યુવક રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ભટકતા પશુએ તેને અડફેટે લીધો હતો. ઘટનામાં યુવક ગંભીર રીતે ઘાયલ થતા આસપાસ ભેગા થયેલા લોકોએ તાત્કાલિક મદદરૂપ થઈ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી.

તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી યુવકને પ્રાથમિક સારવાર આપીને અમરેલીની

અનુસંધાન પાના ૬ ઉપર






## પીજીવીસીએલની બેદરકારી સામે રોષ

# લ્યો બોલો : બગસરામાં ગણેસોત્સવમાં આરતી સમયે વીજળી રાણીનાં રૂસણા

**એકવીસમી સદીમાં પણ નિયમિત વીજળી અપાતી નથી**

બગસરા, તા. ૨

બગસરામાં પીજીવીસીએલ ધ્વારા દિવસમાં અનેકવાર લાઈટ જતાં લોકોમાં રોષ જોવા મળ્યો છે. હાલ ગણપતિ ઉત્સવનો તહેવાર ચાલું હોય ત્યારે આરતી સમયે પણ લાઈટ જતાં લોકોમાં નારાજગી જોવા મળી છે. મોનસુન કામગીરી ન થયેલ હોવાથી અનેકવાર લાઈટોના ફોલ્ટ આવે છે અને છેલ્લા ઘણા સમયથી બગસરા વાસીઓમાં આ લાઈટનાં ત્રાસથી ત્રાહિમામ પોકારી કરી ગયા છે. વધુ પડતી ભુતનાથ ફીડરમાં લાઈટ જવાથી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે

અનુસંધાન પાના ૬ ઉપર






*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)